# Current Affairs June-2017

## 1.June. 2017

**(૧) ૨૦૧૬-૧૭નો જીડીપી ૭.૧ રહ્યો :**

- સેન્ટ્રલ સ્ટેટેસ્ટિક્સ ઓફિસ દ્વારા જાહેર કરાયેલ વિગત મુજબ ભારતનો ૨૦૧૬-૧૭નો જીડીપી (ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ) ૭.૧ રહ્યો.
- વર્ષ ૨૦૧૫-૧૬માં કુલ જીડીપી ૮ ટકા હતો.
- જાન્યુઆરીથી માર્ચ, ૨૦૧૭ના ક્વાર્ટરમાં જીડીપી ૬.૧ ટકા રહેતા કુલ જીડીપી ૭.૧ રહ્યો.
- ૨૦૧૬-૧૭માં ભારતની માથાદીઠ આવક ૯.૭ ટકા વધીને ૧,૦૩,૨૧૯ રૂપિયા રહી છે. જે ૨૦૧૫-૧૬ માં ૯૪,૧૩૦ રૂપિયા હતી.
- કન્ટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ (સીજીએ) દ્વારા જારી કરાયેલ આંકડા અનુસાર ૨૦૧૬-૧૭માં નાણાંકીય ખાદ્ય ૫.૩૫ લાખ કરોડ રૂપિયા રહી છે જે જીડીપીના ૩.૫૧ ટકા છે.

**મુડીઝનો ૨૦૧૭-૧૮ માટે અંદાજ :**

- ઇન્ટરનેશનલ રેટીંગ એજન્સી મુડીઝના અંદાજ મુજબ વર્ષ ૨૦૧૭-૧૮માં ભારતનો જીડીપી ૭.૫ ટકા રહેશે.
- જ્યારે વર્ષ ૨૦૧૮-૧૯ માં ૭.૭ ટકા રહેવાનો અંદાજ આવ્યો છે.
- **વર્લ્ડ બેંકનો ૨૦૧૭-૧૮ માટે અંદાજ :**
  વર્લ્ડ બેંકે પણ ચાલુ વર્ષમાં ભારતનો જીડીપી ૭.૨ ટકા રહેવાનો અંદાજ મુક્યો હતો.

**(૨) કાબુલમા આતંકી હુમલો :**

- અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં ભારતીય દુતાવાસ પાસે આત્મઘાતી હુમલો થયો.
- આ હુમલામાં ૮૦ થી વધારે લોકો મૃત્યુ પામ્યા તથા ૩૫૦ લોકો ઘાયલ થયા.
- ભારતીય એમ્બેસીના કર્મીઓ સુરક્ષિત છે. માત્ર ૧૦૦ મીટર દુર આ હુમલો થયો હતો.
- કાબુલમાં ભારતીય એમ્બેસેડર : મનપ્રીત વોહરા

**(૩) નંદિની કે.આર :**

- હાલમાં જાહેર થયેલ યુપીએસસી પરિક્ષા પરિણામમાં નંદિની કે.આર. પ્રથમ ક્રમે રહી હતી.
- પરિણામના અંતે ૧૦૯૯ આઇએએસ, આઇપીએસ અને આઇએફએસ તથા કેન્દ્રીય સેવાઓમાં નિમણૂંક આપવા ભલામણ થઇ.
- નંદિની કર્ણાટક રાજ્યની વતની છે.
- અનમોલ શેરસિંહ બેદી દ્વિતીય તેમજ જી.રોનકી તૃતીય સ્થાને રહ્યા હતા.

**(૪) ડૉ. અતુલ બદિયાણી :**

- રાજકોટના સર્જન ડૉ. અતુલ બદિયાણીએ લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન પ્રાપ્ત કર્યુ.
- તેમણે રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલમાં ૧૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ એક જ દિવસમાં ફેકો મશીનથી ટાંકા વગરના મોતિયાના ૨૨૪ ઓપરેશન પાર પાડ્યા આ ૨૨૪ નેત્રમણી આરોપણનો વિશ્વ રેકોર્ડ તેમણે સવા અગિયાર કલાકમાં પૂર્ણ કર્યો હતો.
- તાજેતરમાં ૨૩ જાન્યુઆરી, ૨૦૧૭માં તેમણે પોતાનો જ રેકોર્ડ તોડ્યો હતો. ત્યારે ૨૫૭ ઓપરેશન કર્યા હતા.

પ્રશ્ન :

૧ ૨૦૧૬-૧૭માં ભારતનો જીડીપી કેટલો રહ્યો ?
- ૭.૧

૨ જીડીપીનું ફુલફોર્મ ?
- ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટસ

૩ ૨૦૧૬-૧૭માં ભારતની માથાદીઠ આવક કેટલા ટકા વધી ?
- ૯.૭ ટકા

૪ ૨૦૧૬-૧૭માં ભારતની માથાદીઠ આવક કેટલી છે ?
- ૧,૦૩,૨૧૯/-

૫ ૨૦૧૬-૧૭માં નાણાંકીય ખાદ્ય જીડીપીના કેટલા ટકા રહી ?
- ૩.૫૧ ટકા (૫.૩૫ લાખ કરોડ રૂપીયા)

૬ ૨૦૧૭-૧૮ના વર્ષમાં મુડીઝના અંદાજ મુજબ ભારતનો જીડીપી કેટલો રહેશે ?
- ૭.૫ ટકા

૭ ૨૦૧૭-૧૮ના વર્ષમાં વર્લ્ડ બેંકના અંદાજ મુજબ ભારતનો જીડીપી કેટલો રહેશે ?
- ૭.૨ ટકા

૮ અફઘાનિસ્તાનના કયા શહેરમાં ૩૧ મે ના રોજ આતંકી હુમલો થયો ?
- કાબુલ

૯ કાબુલમાં ભારતીય એમ્બેસેડર – મનપ્રીત વોહરા

૧૦ યુપીએસસીમાં પ્રથમ ક્રમે આવેલ નંદિની કે.આર. કયા રાજ્યની વતની છે ?
- કર્ણાટક

૧૧ ગુજરાતના કયા સર્જને મોતીયાના ૨૫૭ સફળ ઓપરેશન એક જ દિવસમાં કરી રેકોર્ડ સર્જ્યો ?
- ડૉ. અતુલ બદિયાણી

## 2.June. 2017

**(૧) રામચંદ્ર ગુહા :**

- ઇતિહાસકાર રામચંદ્ર ગુહાએ બીસીસીઆઇનું સંચાલન કરી રહેલી પ્રશાસકોની સમિતિ (સીઓએ) માંથી રાજીનામું આપી દીધું
- જસ્ટીસ લોઢા પેનલની ભલામણોનો ભારતીય ક્રિકેટ બોર્ડમાં અમલ કરાવવા માટે સુપ્રીમ કોર્ટ ચાર સભ્યોની વહીવટદારોની સમિતિની રચના કરી.
- રામચંદ્ર ગુહા આ ચાર સભ્યો પૈકીના એક હતા.
- આ સમિતિના અધ્યક્ષ પૂર્વ કેગ વિનોદ રાય છે.
- અન્ય બે સભ્યમાં આઇડીએફસીના સીઇઓ વિક્રમ લીમયે અને ભૂતપૂર્વ ભારતીય મહિલા ક્રિકેટ ટીમ સૂકાની ડાયના અડુલજી પણ સામેલ છે.

**(૨) પંજાબ મેલ – ભારતની સૌથી જુની ટ્રેન :**

- ભારતની અત્યારે પણ ચાલતી હોય તેવી સૌથી જૂની ટ્રેન પંજાબ મેલ એ ૧૦૫ વર્ષ પૂર્ણ કર્યા.
- ૧૯૧૨ની પહેલી જૂને આ ગાડી મુંબઇથી પંજાબ વચ્ચે શરૂ કરવામાં આવી હતી.
- મુંબઈના બેલાર્ડ પિયર સ્ટેશનથી પેશાવર સૈનિકો તેમના પરિવારજનોને પશ્ચિમ-ઉત્તર ભારત પહોંચાડવા માટે આ ટ્રેન શરૂ થઇ હતી.
- એ વખતે એ ટ્રેન બેલાર્ડ સ્ટેશનથી પેશાવર સુધીની ૨૪૯૬ કિ.મી. અંતર ૪૭ કલાકમાં કાપતી હતી.
- હાલમાં આ ટ્રેન દરરોજ પંજાબના ફિરોઝપુર કોન્ટોન્મેટથી રવાના થઇ મુંબઇના છત્રપતિ શિવાજી ટર્મિનસે પહોંચે છે જે ૧૯૩૦ કિ.મી. અંતર કાપતા તેને ૩૩ કલાક અને ૫૦ મિનિટ લાગે છે.

Vivekanand Academy Gandhinagar

– ટ્રેનની ઝડપ ૧૧૦ કિ.મી. ની છે પરંતુ વિવિધ 52 સ્ટેશનનોને કારણે ૫૭ કિલોમીટરની ઝડપે જ દોડી શકે છે.

પ્રશ્નો :

૧ બીસીસીઆઇની સંચાલન સમિતિમાંથી રાજીનામું આપનાર રામચંદ્ર ગુહા કયા ક્ષેત્રમાં માહેર છે ?

– ઇતિહાસકાર

૨ બીસીસીઆઇમાં ચાર સભ્યોની સંચાલન સમિતિના અધ્યક્ષ ?

– વિનોદરાય

૩ બીસીસીઆઇમાં ચાર સભ્યોની સંચાલન સમિતિમાં કયા પૂર્વ મહિલા ક્રિકેટરને સ્થાન મળ્યું છે ?

– ડાયના અડુલજી – પૂર્વ મહિલા ક્રિકેટર

૪ અત્યારે પણ ચાલતી હોય તેવી ભારતની સૌથી જુની ટ્રેન ?

– પંજાબ મેલ

૫ હાલમાં પંજાબથી કયા સ્ટેશન સુધી આ ટ્રેન દોડે છે ?

– છત્રપતિ શિવાજી ટર્મિનસ – મુંબઇ

૬ પંજાબ મેલની શરૂઆત ક્યારે થઇ હતી ?

– ૧ જૂન, ૧૯૧૨

## 3.June. 2017

**(૧) પૃથ્વી–૨ મિસાઇલનું સફળ પરિક્ષણ :**

– ભારતે અણુશસ્ત્ર વહન કરવા સક્ષમ સ્વદેશી મિસાઇલ પૃથ્વી–૨ નું સફળ પરિક્ષણ કર્યું.

– ઓડિશાના ચાંદીપુર રેન્જ ખાતેથી આ પરિક્ષણ કરાયું હતું.

– પૃથ્વી–૨ મિસાઇલ પૃથ્વીની સપાટીથી સપાટી વાર કરવા સક્ષમ છે.

– આ મિસાઇલ પોતાની સાથે ૫૦૦ થી ૧૦૦૦ કિગ્રા સુધીનો દારૂગોળો લઇ જવા સક્ષમ છે

– તેના બે એન્જિન પ્રવાહી બળતણથી ગતિ કરે છે

– આ મિસાઇલ માટે સ્ટ્રેટેજીક ફોર્સ કમાન્ડની રચના કરવામાં આવી છે. જે ઉત્પાદન જાણવવી અને છોડવાની ફરજ બજાવે છે.

– જેના પર ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ)ના વૈજ્ઞાનિકો નજર રાખે છે.

– ભારતના ઇન્ટિગ્રેટેડ ગાઇડેડ મિસાઇલ ડેવલપમેન્ટ કાર્યક્રમ હેઠળ આ સૌપ્રથમ મિસાઇલ તૈયાર થઇ છે.

**(૨) ગુજરાત સરકાર દ્વારા પાંજરાપોળ અને ગૌશાળાઓ માટે રાહત દરે ઘાસ :**

– ગુજરાત સરકારના વન અને મહેસૂલ વિભાગ હસ્તકના ઘાસડેપો ઉપરથી અછત અને અસરગ્રસ્ત જિલ્લાના પશુધન માટે રાહત દરે ઘાસ આપવાની યોજના શરૂ કરાઇ.

– આ માટે રજીસ્ટર્ડ પાંજરાપોળ અને ગૌશાળાઓને પ્રતિદિન ૪ કિ.ગ્રા. ઘાસ રૂ. ૨/– ના રાહતદરે આપવામાં આવશે.

**(૩) ફિલિપીન્સમાં આત્મઘાતી હુમલો :**

– આતંકવાદી સંગઠન ISIS દ્વારા ફિલિપીન્સની રાજધાની મનિલાના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક કસીનોમાં આત્મઘાતી હુમલો કરાયો.

– આ હુમલામાં ૩૭ થી વધુ લોધોના મોત નિપજ્યા હતા જ્યારે ૧૦૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.

– માન્ચેસ્ટર બાદ આઇએસનો બીજો હુમલો હતો.

**(૪) સહારાના રણમાં પાણીના અભાવે ૯૨ મુસાફરો ના મોત :**

– આફ્રિકાખંડમાં જગતનું સૌથી મોટું સહારાનું રણ આવેલું છે.

– આ રણમાં અનેક દેશો પથરાયેલા છે. જેમાં મધ્યમાં આવેલા નાઇઝર દેશમાં આ દુર્ઘટના બની હતી.

– મુસાફરો ઘાના અને નાઇઝરથી લિબિયા જઇ રહ્યા હતા.

– આ પ્રવાસ દરમિયાન ૯૨ લોકોનો ભરેલ ટ્રક ખરાબ થઇ જતાં વધુ સમય રણમાં વિતાવવો પડ્યો.

– જેથી મર્યાદિત પાણી પુરૂ થઇ જતાં ૯૨ મુસાફરોના મોત થયા.

પ્રશ્નો :

૧ ૨ જુન ૨૦૧૨ના રોજ ભારતે કઇ મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યું ?

– પૃથ્વી –૨

૨ જમીનથી જમીન મારક ક્ષમતા ધરાવતી પૃથ્વી–૨ મિસાઇલમાં કેટલા એન્જિન છે ?

– બે

૩ ડીઆરડીઓ નું પુરૂનામ જણાવો.

– ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન

૪ ગુજરાત સરકાર દ્વારા રજીસ્ટર્ડ પાંજરાપોળ માટે કેટલા રૂપિયાના રાહતદરે ઘાસ અપાશે ?

– રૂા. ૨ પ્રતિ કિલો

૫ એક પશુ દિઠ કેટલા કિલો ઘાસ મળશે ?

– ૪ કિલો

૬ જગતનું સૌથી મોટું રણ કયાં ખંડમાં આવેલ છે ?

– આફ્રીકા ખંડ

૭ આફ્રિકાના રણમાં કયાં આફ્રિકન દેશમાં પાણીની અછતના કારણે રણમાં ૯૨ લોકોના મોત નિપજ્યા ?

– નાઇઝર

૮ ફિલિપીન્સની રાજધાની ?

– મનીલા

## 4.June. 2017

**(૧) વર્લ્ડ કેન્સર સર્વોઇવર્સ ડે :**

– કેન્સરગ્રસ્ત દર્દીઓમાં કેન્સર મટી શકે તેવી જાગૃતિ લાવવા નેશનલ કેન્સર સર્વોઇવર્સ ફાઉન્ડેશન અને અમેરિકન કેન્સર એસોસીએશન દ્વારા દર વર્ષે જૂન મહિનાના પ્રથમ રવિવારે આ દિવસ ઉજવવામાં આવે છે.

**(૨) ઓક્સિજન વગર ભારતીય સૈનિકોએ એવરેસ્ટ સર કર્યું.**

– ભારતીય સૈન્યના ચાર જવાનોએ ઓક્સિજન વગર એવરેસ્ટ સર કરી ઇતિહાસ સર્જેયો.

– અત્યાર સુધીમાં ૪૦૦૦ થી વધારે લોકો એવરેસ્ટ પર પહોચ્યાં છે. જેમાંથી માત્ર ૧૮૭ લોક જ ઓક્સિજન સિલિન્ડર વગર ચઢાઇ કરી શક્યા છે.

– પરંતુ પુરક ઓક્સિજન વગર આ પરાક્રમ કરનાર તેઓ વિશ્વના પ્રથમ પર્વતારોહકો બન્યા છે.

– એવરેસ્ટ સર કરનાર સૈનિકો :

(૧) કુન્ચોક તેન્ડા

(૨) કેલશંગ દોરજી ભુટીયા

(૩) કાલ્ડેન પંજુર

(૪) સોનમ કુન્સટોક

– આ કિર્તીમાન સ્થાપવા દસ જણાની ટુકડી બનાવી હતી જેના અધ્યક્ષ કર્નલ વિશાલ દુબે હતા.

**(૩) લિયો વરાડકર :**

– યુરોપીયન દેશ આયર્લેન્ડમાં ભારતીય મૂળના લિયો વરાડકર વડાપ્રધાન બનશે.

– વડાપ્રધાન એન્ડાકોની દ્વારા પાર્ટીના નેતૃત્વ પદેથી રાજીનામું આપ્યા બાદ પાર્ટીનું અધ્યક્ષપદ અને દેશનું પ્રધાનમંત્રી પદ ખાલી પડ્યા હતા.

Vivekanand Academy Gandhinagar

- ત્યારબાદ બહુમતી ધરાવતી પાર્ટી ફાઇન ગેલના નેતા તરીકે લિયો ચૂંટાઇ આવ્યા.
- આગામી થોડા સપ્તાહમાં તેઓ આ પદ સંભાળશે.
- લિયો વડાકરના પિતા અશોક વરાડકર મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લાના વરાડ ગામના વતની હતા.
- ૩૮ વર્ષીય વરાડકર સમલૈંગી છે. તેઓ સૌથી યુવા તાઓસીચ બનશે.
- આયર્લેન્ડમાં વડાપ્રધાનપદને તાઓસીચ કહેવામાં આવે છે.
- તેઓ પાર્ટીના ૧૧ માં નેતા બનશે.

**(૪) વિઠ્ઠલભાઈ રાદડીયા : ઇફ્કોના વાઇસચેરમેન :**

- IFFCO ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટીલાઇઝર કો- ઓપરેટીવ
- રાસાયણિક ખાતરનો વેપાર કરતી દેશની સૌથી મોટી સહકારી સંસ્થા.
- આ સંસ્થાના વાઇસ ચેરમેન પદે સાંસદ વિઠ્ઠલભાઈ રાદડીયા બિનહરીફ ચૂંટાઇ આવ્યા.
- ૩ નવેમ્બર , ૧૯૬૭ ના રોજ ઇફ્કોની સ્થાપના થઈ હતી.
- હેડક્વાટર – દિલ્હી
- ૨૦૧૧માં ફોર્ચ્યુન ઇન્ડિયા ૫૦૦ સર્વેનાં ઇન્ડિયાની ટોપ કંપનીઓમાં ઇફ્કોને ૩૭મું સ્થાન મળ્યું હતું.
- ચેરમેન : બલવીંદરસિંઘ નકાઇ
- સીઇઓ : ડૉ. ઉદયશંકર અવસ્થી

**પ્રશ્નો :**

(૧) વર્લ્ડ કેન્સર સર્વાઇવર્સ ડે ક્યારે મનાવાય છે.
- જૂન મહિનાના પ્રથમ રવિવારે

૨ તાજેતરમાં ઓક્સિજન વગર કેટલા ભારતીય સૈકિોએ એવરેસ્ટ સર કર્યું ?
- ચાર

૩ ઓક્સિજન વગર એવરેસ્ટ સર કરવા માટે ભારતીય ટુકડીના અધ્યક્ષ કોણ હતા ?
- કર્નલ વિશાલ દુબે

૪ આયર્લેન્ડ માં વડાપ્રધાનપદને શું નામ આપવામાં આવે છે ?
- તાઓસીચ

૫ આયર્લેન્ડમાં કયા ભારતીય મૂળના નાગરીક પી.એમ. બનશે ?
- લિયો વરાડકર

૬ લિયો વરાડકરનો પક્ષ જણાવો.
- ફાઇન ગેલ

૭ ઇફ્કોના વાઇસ ચેરમેન પદે કોન ચૂંટાઇ આવ્યું ?
- વિઠ્ઠલભાઇ રાદડીયા

૮ ઇફ્કોનું પુરૂનામ જણાવો.
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટીલાઇઝર કો ઓપરેટીવ

૯ ઇફ્કોની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૩ નવેમ્બર, ૧૯૬૭

૧૦ ઇફ્કોનું વડુમથક કયા આવેલ છે ?
- દિલ્હી

૧૧ ઇફ્કોના ચેરમેનનું નામ જણાવો.
- બલવિંદરસિંઘ નકાઇ

## 5.June. 2017

**(૧) વિશ્વ પર્યાવરણ દિવસ :**

- આ વર્ષની થીમ :
- ‘‘કનેક્ટીંગ પીપલ ટુ નેચર ઇન ધ સીટી એન્ડ ઓન ધ લેન્ડ ફ્રોમ ધ પોલ્સ ટુ ધ ઇક્વેટર’’
- આ દિવસ નિમિત્તે સમગ્ર રાજ્યમાં ૪૦૦૦ ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવ્યું.
- જેમાં સુકો તથા ભીનો કચરો રાખવા બે અલગ ડસ્ટબીન આપવામાં આવશે.
- ભીના કચરા માટે લીલું ડસ્ટબીન તથા સુકા કચરા માટે બ્લ્યુ ડસ્ટબીન આપવામાં આવ્યા.

**(૨) થાઇલેન્ડ ઓપન બેડમિન્ટર ટૂર્નામેન્ટ :**

- ભારતીય બેડમિન્ટન સ્ટાર સાઇ પ્રણિથે શાનદાર દેખાવ કરતાં થાઇલેન્ડ ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન રહ્યા.
- ફાઇનલમાં પ્રણિથે થાઇલેન્ડનાં જોનાટન ક્રિસ્ટીને પરાજય આપ્યો હતો.
- પ્રણિથે પેહલી વખત ગ્રાં.પ્રિ. ગોલ્ડ ટાઇટલ જીતવામાં સફળતા મેળવી હતી.

**(૩) લંડનમાં આતંકી હુમલો :**

- બ્રિટનની રાજધાની લંડનમાં આતંકી હુમલો થયો જેમાં ૧૨ થી વધુ લોકોના મોત નિપજ્યા તથા ૫૦ થી વધુ લોકો ઘાયલ થયા.
- માન્ચેસ્ટર હુમલા બાદ બ્રિટનમાં આ બીજો આતંકી હુમલો હતો.

**(૪) લાંચ આપેલી રકમ પાછી મેળવવા આંધ્રપ્રદેશમાં અલગથી સેવા શરૂ થઇ.**

- આંધ્રપ્રદેશમાં કોઇ સરકારી સેવા મેળવવા કોઇ નાગરિકે લાંચ આપી હોય અને તે રકમ પાછી મેળવવી હોય તો સરકારે અલગથી સેવા શરૂ કરે.
- આ માટે રાજ્ય સરકારે ડાયલ ૧૧૦૦ સેવાની શરૂઆત કરી.
- આ સેવાનો લાભ લેવા માટે કોઇ ફરીયાદી ફોન કરે તો સરકાર દ્વારા તેને પુરૂ રક્ષણ આપવામાં આવશે.
- આંધ્રપ્રદેશ મુખ્યમંત્રી : ચંદ્રબાબુ નાયડુ

પ્રશ્ન :

૧ ૫ જૂન કયાં આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
- વિશ્વ પર્યાવરણ દિવસ

૨ ભીનો કચરો સાચવવા કયા રંગનું ડસ્ટબીન રાખવું જોઇએ ?
- લીલા રંગનું

૩ થાઈલેન્ડ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટ વિજેતા ?
- સાઇપ્રણિથ

૪ જૂન ૨૦૧૭ માં માન્ચેસ્ટર બાદ બ્રિટનના કયાં શહેરમાં આતંકી હુમલો થયો ?
- લંડન

૫ લાંચ આપેલી રકમ પાછી મેળવવા કયા રાજ્યમાં અલગથી સેવા શરૂ થઇ ?
- આંધ્રપ્રદેશ

૬ આંધ્રપ્રદેશમાં લાંચની રકમ પાછી મેળવવા હેલ્પલાઇન નંબર જણાવો.
- ૧૧૦૦

૭ આંધ્રપ્રદેશ મુખ્યમંત્રી ?
- ચંદ્રબાબુ નાયડુ

## 6.June. 2017

**(૧) સી.એમ. રૂપાણીએ થેલિસિમિયા, હિમોફેલીયા અને સિકલસેલની મફત દવાની જાહેરાત કરી :**

- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદમાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત શાખાના નવા બિલ્ડીંગનું ઉદ્દ્ઘાટન કર્યું.
- તેમણે થેલિસિમિયા, હિમોફેલિયા તથા સિક્લસેલ એનિમિયાની દવા દર્દીઓને વિનામૂલ્યે આપવાની જાહેરાત કરી.
- આ ઉપરાંત માનવીય અંગો પ્રત્યારોપણ માટે હેલિકોપ્ટર કે એરએમ્બ્યુલન્સ મારફતે પહોચાડવાના કિસ્સામાં રાજ્ય સરકાર ૫૦ ટકા ખર્ચ આપશે.

**(૨) જોસેફ મસ્કટ : માલ્ટાના વડાપ્રધાન**

- યુરોપીય દેશ માલ્ટામાં વડાપ્રધાનપદ માટેની ચૂંટણીમાં જોસેફ મસ્કટ જીતી ગયા.
- તેઓ ૨૦૧૩ થી માલ્ટાના વડાપ્રધાન હતા.
- પરંતુ પનામા પેપર્સ લીક મામલે મસ્કટ વિરૂદ્ધ ભ્રષ્ટાચારના આરોપો હતા જેથી સમય પહેલા ચૂંટણી યોજાઈ.
- આ ચૂંટણીમાં મસ્કટની લેબર પાર્ટીએ ફરીથી વિપક્ષ નેશનાલિસ્ટ પાર્ટીને પરાજય આપ્યો.
- ફક્ત ૩૧૬ ચો.કી.મી. ક્ષેત્રફળ ધરાવતો માલ્ટા દેશ ભૂમધ્ય સાગરમાં તેની ભૌગોલિક સ્થિતિને કારણે સૌથી મહત્વપૂર્ણ છે.

પ્રશ્ન :

૧ ક્યાં ત્રણ રોગ માટેની દવા મફત આપવાની જાહેરાત મુખ્યમંત્રીએ કરી ?
- થેલિસિમિયા, હિમોફેલિયા, સિક્લસેલ

૨ માનવીય અંગો પ્રત્યારોપણ માટે હેલિકોપ્ટર મારફતે પહોંચાડવાના કિસ્સામાં રાજ્ય સરકાર કેટલા ટકા ખર્ચ આપશે.
- ૫૦ ટકા

૩ યુરોપીય દેશ માલ્ટાના વડાપ્રધાન ?
- જોસેફ મસ્કટ

૪ જોસેફ મસ્કટનો પક્ષ ?
- લેબર પાર્ટી

## 7.June. 2017

**(૧) શેર બહાદુર દેઉબા : નેપાળ પી.એમ.**

- શેર બહાદુર દેઉબા ચોથી વાર નેપાળના વડાપ્રધાન ચૂંટાયા
- ૭૦ વર્ષીય દેઉબા નેપાળના સૌથી જૂના પક્ષ નેપાળી કોંગ્રેસના અધ્યક્ષ છે.
- પુષ્પકમલ દહલ 'પ્રચંડ' એ પી.એમ. પદ પરથી રાજીનામું આપતા દેઉબા વડાપ્રધાન તરીકે ચૂંટાયા

**(૨) શ્રવણ તીર્થ દર્શન યોજના :**

- ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ગુજરાતના વરિષ્ઠ નાગરિકો માટે શ્રવણ તીર્થ દર્શન યોજનાનો શુભારંભ કરાયો.
- ૧ લી મે ૨૦૧૭ થી આ યોજનાનો શુભારંભ થયો.

**યાત્રા માટે સહાય :**

- ગુજરાતના વરિષ્ઠ નાગરિકોને બસ ભાડામાં ૫૦% રાહત
- એસ.ટી. અથવા ખાનગી બસનું ભાડું બે માંથી જે રકમ ઓછી હોય તેની ૫૦% રકમની સહાય.
- ગુજરાતના યાત્રાધામો માટે બે રાત્રી અને ત્રણ દિવસ સુધીના પ્રવાસની મર્યાદામાં આ યોજનામાં લાભ મળવાપાત્ર છે.

**યોજનાનો લાભ લેવા યોગ્યતા :**

- ગુજરાત રાજ્યમાં વસતા સિનિયર સિટિઝન યોગ્યતાને પાત્ર
- ૬૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા નાગરિક
- પતિ–પત્નિ એક સાથે યાત્રા કરતાં હોય તો બે પૈકી એકની વય ૬૦ વર્ષ કે તેથી વધુ હોવી જરૂરી
- ૭૫ વર્ષ કરતાં વધુ વય ધરાવતી વ્યક્તિ પોતાની સાથે એટેન્ડન્ટને લઇ જઇ શકશે જેની ઉંમર ૬૦ વર્ષ કરતા નાની હશે તો પણ ચાલશે
- ઓછામાં ઓછા ૪૫ વ્યક્તિઓએ યાત્રા માટે ગ્રુપ બનાવીને સમૂહ અરજી કરવી જરૂરી.
- પ્રવાસના વૃદ્ધ યાત્રાળુઓની તબીબી દેખરેખ માટે કોઇ ડોક્ટર કે કંમ્પાઉન્ડરને લઇ જવા માગતા હોય તો તે માટે ઉંમરનો બાધ નહીં.
- એક નાણાંકીય વર્ષમાં એકવાર લાભ મળી શકશે.

**(૩) ખગોળશાસ્ત્રીઓએ સૌથી ગરમ ગ્રહ શોધ્યો :**

- ખગોળ શાસ્ત્રીઓએ અત્યાર સુધીનો સૌથી ગરમ ગ્રહ શોધી કાઢયો જેનું દિવસ દરમ્યાન તાપમાન ૪૩૦૦ં હોય છે.
- ગ્રહનું નામ : KELT-9B
- અભ્યાસ હાથ ધરનાર ખગોળશાસ્ત્રી – સ્કોટ ગૌડી ઓહાયો સ્ટેટ યુનિવર્સિટી, કોલંબસ

**(૪) સુપર ડેડસ : યુનિસેફ**

- બાળકોની શરૂઆતી વિકાસમાં પિતાની મહત્વની ભૂમિકાને ભાર આપતું યુનિસેફનું અભિયાન.
- આ અભિયાનમાં ભારતના મહાન બેટ્સમેન સચિન તેંડુલકર જોડાયા
- આ ઉપરાંત ડેવિડ બેકહામ (ફુટબોલ) નોવાક જોકોવિચ (ટેનિસ) લુઇસ હેમિલ્ટન (એફ–૧ રેસર) વગેરે આ અભિયાનમાં જોડાયા.

પ્રશ્ન :

૧ નેપાળના નવા પી.એમ.નું નામ જણાવો.
- શેર બહાદુર દેઉબા

૨ દેઉબા કયા પક્ષના નેતા છે ?
- નેપાળી કોંગ્રેસ

૩ કયા વડાપ્રધાનના રાજીનામું આપ્યા બાદ દેઉબા વડાપ્રધાન તરીકે ચૂંટાયા ?
- પુષ્પકમલ દહલ

૪ ગુજરાતના વરિષ્ઠ નાગરિકો માટે યાત્રાધામના બસભાડામાં રાહત માટે કઇ યોજનાની શરૂઆત થઇ ?
- શ્રવણતીર્થ દર્શન યોજના.

૫ શ્રવણ તીર્થ દર્શન યોજનાની શરૂઆત ક્યારે થઇ ?
- ૧ લી મે, ૨૦૧૭

૬ આ યોજનામાં કેટલા ટકા ભાડું સરકાર ચૂકવશે ?
- ૫૦%

૭ કેટલા વ્યક્તિઓ આ યોજનાનો લાભ લઇ શકે છે ?
- ઓછામાં ઓછા ૪૫ વ્યક્તિઓનું જૂથ હોય તો

૮ યોજના માટે વય યોગ્યતા જણાવો.
- ૬૦ વર્ષ કે તેથી વધુ

૯ આ યોજનાનો લાભ એક નાણાંકીય વર્ષમાં કેટલીવાર લઇ શકાય છે ?
- એકવાર

૧૦ ખગોળશાસ્ત્રીઓએ શોધેલ અત્યાર સુધીના સૌથી ગરમ ગ્રહનું નામ જણાવો.
- KELT-9B

૧૧ બાળકોના શરૂઆતની વિકાસ માટે યુનિસેફે કયા અભિયાનની શરૂઆત કરી ?
- સુપર ડેડ્સ

૧૨ કયાં ભારતીય યુનિસેફના સુપર ડેડ્સ અભિયાનમાં જોડા ?



Vivekanand Academy Gandhinagar

– સચિન તેંડુલકર

## 8.June. 2017

**(૧) સંત તુલસીદાસ એવોર્ડ :**

– જૂનાગઢના લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવીને ભોપાલ ખાતે સંત તુલસીદાસ એવોર્ડ આપી સન્માનીત કરાયા.
– આ એવોર્ડ રાજસ્થાન સરકાર દ્વારા અપાય છે.
– વર્ષ ૨૦૧૬-૧૭ માટે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
– ઇનામ રાશી રૂા. ૨ લાખ
– રાજસ્થાન સરકાર દ્વારા કોઇ ગુજરાતી કલાકારને આ સન્માન અપાયું હોય તેવો સૌપ્રથમ બનાવ છે.

**(૨) શાળા પ્રવેશોત્સવ : ૨૦૧૭**

– રાજ્યમાં વધુમાં વધુ બાળકોનું નામાંકન થાય તે હેતુથી ૧૬ મો શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી કાર્યક્રમ યોજાશે.
– કન્યા કેળવણીની શરૂઆત વર્ષ ૨૦૧૦થી થઇ હતી.
– ગ્રામ્ય વિસ્તારમાં ૮-૯-૧૦ જૂન ૨૦૧૭ તથા શહેરી વિસ્તારમાં ૨૨-૨૩-૨૪ જૂન ૨૦૧૭ દરમિયાન આ કાર્યક્રમ યોજાશે.

**(૩) ઇરાન સંસદ પર આતંકી હુમલો :**

– આઇ.એસ. આતંકી સંગઠન દ્વારા તહેરાન સ્થિત ઇરાનની સંસદ પર ચાર આતંકી દ્વારા હુમલો થયો.
– જ્યારે બીજો હુમલો ઇરાનના ક્રાંતિકારી નેતા અને ધર્મગુરૂ રુહુલ્લા ખુમૈનીના મકબરા પર થયો હતો.
– બંને હુમલામાં ૧૨ થી વધુ લોકોના મૃત્યુ થયા હતથા તથા ૫૦ થી વધારે લોકો ઘાયલ થયા હતા.

**ખુમૈની :**

– ખુમૈની ઇરાનના પહેલા સુપ્રીમ નેતા હતા.
– ઇરાની ક્રાંતિ બાદ તેઓએ ૧૧ વર્ષ સુધી ઇરાન પર શાસન કર્યું.
– વર્ષ ૧૯૭૯માં તેઓને ટાઇમે સૌથી પ્રભાવશાળી નેતા ગણાવ્યા હતા.
– તેમના દાદાનો જન્મ ભારત ઉત્તરપ્રદેશમાં થયો હતો.

**(૪) મ્યાનમારનું મિલિટરી પ્લેન ક્રેશ થયું :**

– મ્યાનમારની સેનાનું સૈનિકો અને તેના પરિવારને લઇ જતું વિમાન સમૂદ્રમાં તુટી પડતા ૧૨૦ લોકોના મૃત્યુ નિપજ્યાં
– મેઇકથી નિકળેલું આ વિમાન યંગુન તરફ જઇ રહ્યું હતું.
– મેઇકથી નિકળી દેવાઇના કિનારેથી પસાર થયા બાદ વિમાન સાથેનો સંપક તુટ્યો હતો.
– Y-8F-200 આ પ્લેન ચીની બનાવટનું હતું
– વિમાનનો કાટમાળ દેવાઇ સીટીવી ૨૧૮ કિ.મી. દુર આંદમાનના દરિયામાં મળી આવ્યો હતો.

પ્રશ્નો :

૧ સંત તુલસીદાસ એવોર્ડ કયાં ગુજરાતીને એનાયતો થયો ?
– ભિખુદાન ગઢવી
૨ સંત તુલસીદાસ એવોર્ડ કઈ સરકાર દ્વારા અપાય છે
– રાજસ્થાન સરકાર
૩ શાળા પ્રવેશોત્સવ- ૨૦૧૭ આ વખતનો ક્રમ ?
– ૧૬ મો
૪ કન્ય કેળવણીની શરૂઆત કયાં વર્ષથી થઇ હતી ?
– ૨૦૧૦
૫ જૂન-૨૦૧૭માં કેયા દેશની સંસદ પર આતંકી હુમલો થયો હતો ?
– ઇરાન
૬ ઇરાનમાં સંસદ પર હુમલાની સાથે એક ધર્મગુરૂના મકબરા પર પણ હુમલો થયો હતો તેનું નામ જણાવો.
– રુહુલ્લા ખુમૈની
૭ જૂન -૨૦૧૭માં કયા દેશનું વિમાન ક્રેશ થયું ? જેનો કાટમાળ આંદામાનના દરિયામાં મળી આવ્યો ?
– મ્યાનમાર

## 9.June. 2017

**(૧) ૧૬ જૂનથી દેશભરમાં પેટ્રોલ - ડિઝલનો દરરોજ નવો ભાવ :**

– આગામી ૧૬ જુનથી આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઇલ અને ડોલરના ભાવને ધ્યાનમાં રાખીને દરરોજ ભાવ નક્કી કરાશે.
– અગાઉ પહેલી મે થી દેશના પાંચ શહેરમાં પાઇલટ પ્રોજેક્ટ તરીકે દરરોજ નવા ભાવની શરૂઆત થઇ હતી.
– પાંચ શહેર : દક્ષિણ ભારત - પોંડીચેરી
વિશાખાપટ્ટનમ
ઉત્તર ભારત - ચંડીગઢ
પૂર્વ ભારત - જમશેદપુર
પશ્ચિમ ભારત - ઉદયપુર
– બાકીના શહેરોમાં દર ૧૫ દિવસે ભાવ બદલાતા હતા.
– પાઇલટ પ્રોજેક્ટ સફળ થતા હવે સરકારી ઓઇલ કંપનીઓ સમગ્ર દેશમાં આ નિયમ લાગુ કરશે.
– ત્રણ સરકારી ઓઇલ કંપનીઓ ઇન્ડિયન ઓઇલ હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમ દેશના કુલ પેટ્રોલપંપના ૯૫ ટકા પેટ્રોલપંપ ધરાવે છે.
– એસ્સાર અને રિલાયન્સ પણ ટૂંક સમયમાં સરકારી તેલ કંપનીઓને અનુસરે તેવી શક્યતા છે.

**(૨) સર્વાધિક કમાણી કરતા વિશ્વના ૧૦૦ ખેલાડીઓ :**

– તાજેતરમાં પ્રખ્યાત મેગેઝીન ફોર્બ્સ દ્વારા સૌથી વધુ કમાણી કરતા ૧૦૦ ખેલાડીઓની યાદી બહાર પડાઇ હતી.
– ભારતીય ક્રિકેટ કેપ્ટન વિરાટ કોહલી આ યાદીમાં સ્થાન મેળવનાર એકમાત્ર ભારતીય છે.
– તે આ લિસ્ટમાં ૮૯માં ક્રમે છે જેની કુલ આવક બે કરોડ ૨૦ લાખ ડોલર છે.

**(૩) રાજા ચારી - અવકાશયાત્રી :**

– નાસાએ ૧૮૩૦૦ ઉમેદવારોમાંથી ૧૨ નવા અંતરિક્ષયાત્રીઓની પસંદગી કરી છે.
– આ ૧૨ પૈકી ભારતીય મૂળના રાજા ચારીને સ્થાન મળ્યું છે.
– તેમને પૃથ્વીની કક્ષા અને અંતરિક્ષ અભિયાન માટે ઓગસ્ટથી બે વર્ષની ટ્રેનિંગ અપાશે.

**(૪) કલાપી પૂણ્યતિથિ :**

– સૌરાષ્ટ્રના મહાન સાહિત્યકાર કલાપીની આજે ૧૧૭ મી પૂણ્યતિથિ છે.
– મૂળનામ : સૂરસિંહજી તખ્તસિંહજી ગોહીલ
– જન્મ : ૨૬ /૦૧ / ૧૮૭૪
– મૃત્યુ : ૯/૬ / ૧૯૦૦
– ૧૯૬૬માં તેમના પર ગુજરાતી બાયોપિક કલાપી બની હતી. જેમાં સંજીવકુમારે ભૂમિકા નિભાવી હતી.
– આઇએનટી દ્વારા ૧૯૯૭ થી ગઝલકારોને કલાપી એવોર્ડ અપાય છે.
– પ્રખ્યાત રચના : કલાપીનો કેકારવ, કાશ્મિરનો પ્રવાસ

પ્રશ્નો :

૧ કઈ તારીખથી દેશ ભરમાં પેટ્રોલ ડિઝલના ભાવ દરરોજ બદલાશે ?
– ૧૬ જૂન, ૨૦૧૭
૨ અગાઉ પાંચ શહેરમાં દરરોજ પેટ્રોલ ડિઝલના ભાવ બદલાવવાના પાયલટ પ્રોજેક્ટમાં પશ્ચિમ ભારતમાં કયા શહેરને સામેલ કર્યું ?
– ઉદયપુર
૩ ફોર્બ્સ મેગેઝીન મુજબ સર્વાધિક કમાણી કરતા વિશ્વના ૧૦૦ ખેલાડીઓમાં કયા એકમાત્ર ભારતીયને સ્થાન મળ્યું છે ?
– વિરાટ કોહલી (૮૯ મું સ્થાન)
૪ રાજા ચારી કયાં ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?
– અવકાશયાત્રી
૫ ૯ જૂન, ૨૦૧૭ના રોજ કવિ કલાપીની કેટલામી પૂણ્યતિથિ મનાવાઈ ?
– ૧૧૭
૬ કલાપી પર બનેલ બાયોપીક (ગુજરાતી) કલાપી માં કોણે ભૂમિકા નિભાવી હતી ?
– સંજીવ કુમાર
૭ કાશ્મિરનો પ્રવાસ કૃતિ કોની છે ?
– કલાપી
૮ કલાપીનું પુરૂનામ જણાવો.
– સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ

## 10.June. 2017

**(૧) રોહન બોપન્ના અર્જુન એવોર્ડ માટે નોમિનેટ :**
– ઓલ ઇન્ડિયા ટેનિસ એસોસિએશનને રોહન બોપન્નાને અર્જુન એવોર્ડ માટે નોમિનેટ કર્યા છે.
– હાલમાં જ બોપન્ના અને કેનેડાની ગેબ્રીયેલા ડાબ્રાવસ્કીની જોડીએ ફ્રેંચ ઓપન મીક્સ ડબલ્સનું ટાઇટલ જીત્યું હતું.
– આ સાથે બોપન્ના ભારતનો ચોથો એવો ટેનિસ ખેલાડી બન્યો જે ડબલ્સના ગ્રાન્ડસ્લેમ ટાઇટલ જીતવામાં સફળ રહ્યો હોય.
– અગાઉ મહેશ ભૂપતિ, લિએન્ડર પેસ તથા સાનિયા મિર્ઝા ડબલ્સ ટાઇટલ જીતી ચૂક્યા છે.
– બોપન્નાની સાથે મહિલા ખેલાડી રશ્મિ ચતુર્વેદીને પણ અર્જુન એવોર્ડ માટે નોમિનેટ કરી છે.

**(૨) સ્વ મેજર ધ્યાનચંદને 'ભારત રત્ન' આપવા ભલામણ :**
– હોકીના જાદુગર તરીકે દુનિયાભરમાં ખ્યાતી મેળવનારા ભારતના લેજન્ડરી ખેલાડી સ્વ. મેજર ધ્યાનચંદને ભારત રત્ન આપવા રમત મંત્રાલયે ભલામણ કરી.
– હવે વડાપ્રધાન કાર્યાલય અંતિમ નિર્ણય લેશે.
– તેમનો જન્મદિવસ ૨૯ ઓગસ્ટના દિવસે ભારતભરમાં રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
– ભારતને ઓલિમ્પિક હોકીમાં ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬ માં ગોલ્ડમેડલ જીતાડવામાં તેમની ભૂમિકા મહત્વની રહી હતી.
– તેમનું અવસાન ૩ ડિસેમ્બર, ૧૯૭૯ના રોજ થયું હતું.

**(૩) ગુરૂ ગોવિંદસિંહજીની ૩૫૦મી જન્મજયંતિ :**
– હાલમાં રાજ્ય સરકાર તેમજ ભારત સરકાર પ્રેમ એકતા અને ભાઇચારાના સંદેશ સાથે શ્રી ગુરૂ ગોવિંદ સિંહજીની ૩૫૦ મી જન્મજયંતિ વર્ષની ઉજવણી કરી રહ્યું છે.
– તેમનો જન્મ : ૨૨ ડિસેમ્બર ૧૬૬૬ ના રોજ થયો હતો.
– અવસાન : ૭ ઓક્ટોબર ૧૭૦૮

પ્રશ્નો :
૧ સરકાર કયાં મહાનુભાવની ૩૫૦ મી જન્મજયંતિ વર્ષ ઉજવી રહ્યું છે ?
– ગુરૂ ગોબિંદસિંઘજી
૨ રમત મંત્રાલયે સરકારને કોને 'ભારત રત્ન' આપવા ભલામણ કરી ?
– સ્વ. મેજર ધ્યાનચંદ
૩ રાષ્ટ્રીય રમત દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?
– ૨૯ ઓગસ્ટ
૪ મેજર ધ્યાનચંદે કેટલા ઓલિમ્પિકમાં ભારતને હોકીમાં ગોલ્ડમેડલ જીતાડવામાં મહત્વની ભૂમિકા અદા કરી ?
– ત્રણ
૪ ઓલ ઈન્ડિયા ટેનિસ અસોસિએશન દ્વારા કયા ખેલાડીને અર્જુન એવોર્ડ માટે ભલામણ કરાઇ ?
– રશ્મિ ચતુર્વેદી

## 11.June. 2017

**(૧) સૌમિત્ર ચેટરજી : અભિનેતા :**
– પ્રસિદ્ધ અભિનેતા સૌમિત્ર ચેટરજીને ફ્રાંસ સરકાર સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'લીજન ડી ઓનર' આપશે.
– દાદાસાહેબ ફાળકે, પદ્મભૂષણ મેળવનાર સૌમિત્રને સિનેમા, થિયેટરમાં તેમના યોગદાન બદલ સન્માન મળશે.

**(૨) નઇમ અન્સારી : મહિલા કુસ્તીટીમના કોચ :**
– ગુજરાતના સિનિયર કુસ્તી કોચ નઇમ અન્સારીની ભારતીય મહિલા કુસ્તી ટીમના કોચ તરીકે પસંદગી કરવામાં આવી.
– આગામી સમયમાં ચીનમાં યોજાનાર એશિયન જુનિયર કુસ્તી ચેમ્પિયનશીપમાં ભાગ લેવા જનાર ભારતીય કુસ્તી ટીમના કોચ હશે.

**(૩) વિક્રમ લિમયે : બીસીસીઆઇના સંચાલન સમિતિના સભ્ય :**
– સુપ્રીમ કોર્ટ દ્વારા બીસીસીઆઇ ના સંચાલન માટે બનાવેલી પ્રશાસકોની સમિતિના અદસ્ય વિક્રમ લિમયે રાજીનામું આપશે.
– નવા પદ પર નિયુક્ત થવા માટે તેમને આ પદ છોડવું પડે તેમ હોવાથી તેમને આ નિર્ણય લીધો.
– આ પહેલા પ્રસિદ્ધ ઇતિહાસકાર રામચંદ્ર ગુહાએ રાજીનામું આપ્યું હતું.
– સમિતિમાં કુલ ચાર સભ્યો હતા જેના અધ્યક્ષ વિનોદ રાય છે.

**(૪) તીરંદાજી વર્લ્ડકપ :**
– આયોજન : એન્તાલ્યા, તુર્કી
– ભારતીય અભિષેક વર્મા અને દિવ્યાની જોડીએ કંમ્પાઉન્ડ તીરંદાજીની મિક્સ ઇવેન્ટમાં બ્રોન્ઝમેડલ જીત્યો.
– આ બ્રોન્ઝ મેડલ તેમણે તિરંદાજી વર્લ્ડકપ સ્ટેજ–૨માં મેળવ્યો હતો.

પ્રશ્ન:
૧ હાલમાં કયા ભારતીયને ફ્રાંસના સર્વોચ્ચ સન્માનથી સન્માનીત કરાયા ?
– સૌમિત્ર ચેટરજી
૨ ચીનમાં યોજાનાર જૂનિયર કુસ્તી ચેમ્પિયનશીપમાં ભારતીય મહિલા કુસ્તી ટીમના કોચ કોણ હશે ?
– નઇમ અન્સારી
૨ જૂન – ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટ

## 12.June. 2017

**(૧) યુસૈન બોલ્ટ : એથ્લીટ :**

- દુનિયાના સૌથી ઝડપી દોડવીર યુસૈન બોલ્ટે જમૈકાની ધરતી પર નેશનલ સ્ટેડીયમ કિંગ્સ્ટનમાં ૧૦૦ મીટર રેસમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- જમૈકાની ધરતી પર આ તેની છેલ્લી રેસ હતી.
- આઠ વખતના ઓલિમ્પિક ગોલ્ડ મેડાલીસ્ટ બોલ્ટે આ રેસ ૧૦.૦૩ સેકન્ડમાં પૂર્ણ કરી હતી.
- બોલ્ટ ઓગસ્ટમાં યોજાનાર લંડન વર્લ્ડ ચેમ્પિયનશીપ પછી નિવૃત્તી લેશે.
- ગોલ્ડમેડલ જીત્યા બાદ તેણે પોતાનો સિગ્નેચર પોઝ ‘લાઇટનિંગ બોલ્ટ’ આપ્યો હતો.

**(૨) ગુરૂ ગોવિંદસિંઘ જન્મજયંતિ : ૩૫૦ વર્ષ**

- ગુજરાતમાં અમદાવાદ ખાતે ગુરૂ ગોબિંદસિંઘની ૩૫૦ મું જન્મજયંતિ વર્ષ ઉજવાયું
- આ ઉજવણીના ભાગરૂપે યોજાયેલા પ્રકાશવર્ષ મહોત્સવમાં મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ કચ્છના લખપત અને બેટદ્વારકા ખાતે આવેલા પ્રાચીન ગુરૂદ્વારાઓને પાંચ-પાંચ કરોડના ખર્ચે વિકસાવવાની જાહેરાત કરી.
- શિખોના ધર્મગુરૂ ગુરૂનાનક જ્યારે મક્કા યાત્રાએ ગયા હતા તે સમયે કચ્છના લખપત ખાતે રોકાયા હતા. તથા ગુરૂ ગોબિંદસિંઘના પંચપ્યારે માના એક મહોક્કમ સિંઘ દ્વારકાના હતા.
- આ પ્રકાશવર્ષ સમારોહમાં ૩૫૦ બોતલ રક્ત એકઠું કરાયું હતું. તથા ૨ હજારથી વધુ સિખોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

**(૨) ફ્રેંચ ઓપન – ટેનિસ**

- લાલ માટીના કોર્ટ પર રમાતી વર્ષની બીજી ગ્રાન્ડસ્લેમ ફ્રેંચ ઓપન ટૂર્નામેન્ટ પૂર્ણ થઇ.

**મિક્સ ડબલ્સ :**

- ભારતના રોહન બોપન્ના અને કેનેડાની ગ્રેબિયેલા ડેબ્રાવસ્કિની જોડીએ મિક્સ ડબલ્સનું ટાઇટલ જીત્યું
- રનર્સ અપ : એના લીના ગ્રોએને ફિલ્ડ, જર્મની, રોબર્ટ ફારા, કોલંબીયા
- બોપન્નાનું આ પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ હતું
- આ પહેલા તે ૨૦૧૦માં યુએસ ઓપનની પુરૂષ ડબલ્સ ઇવેન્ટમાં ફાઇનલમાં પહોંચ્યો હતો.
- ત્યારે તેમના સાથી પાકિસ્તાનના ઓસામ ઉલ હક કુરેશી હતા.
- ત્યારે તેમનો પરાજય બોબ અને માઇક બ્રાયન સામે થયો હતો.
- બોપન્ના ગ્રાન્ડસ્લેમ જીતનાર મહેશ ભૂપતિ લિએન્ડર પ્રેસ તથા સાનિયા મિર્ઝા બાદ ચોથા ભારતીય ખેલાડી છે.

**વિમેન્સ સિંગલ્સ :**

- વિજેતા : જેલેના ઓસ્ટાપેન્કો, લેટિવિયા
- રનર્સ અપ : સિમોના હાલેપ , રોમાનિયા
- ઓસ્ટાપેન્કોનું કારકિર્દીનું આ પ્રથમ ટૂર ટાઇટલ હતું.
- ઓસ્ટાપેન્કો ૨૦૧૪ની જૂનિયર વિમ્બલ્ડન ચેમ્પિયન છે.

**મેન્સ સિંગલ્સ :**

- વિજેતા : રફેલ નડાલ, સ્પેન
- રનર્સ અપ : સ્ટેન વાવરિંકા, સ્વિત્ઝર્લેન્ડ
- આ સાથે નડાલે ૧૦ મી વખત ફ્રેંચ ઓપનનું ટાઇટલ જીતી ઇતિહાસ રચ્યો.
- કારકીર્દિનું આ ૧૫મું ગ્રાન્ડસ્લેમ ટાઇટલ હતું.

**વિમેન્સ ડબલ્સ :**

- **વિજેતા :** બેથાની મેટેક સેન્ડ્સ એમરિકા તથા લ્યુસી સેફારોવા
- **રનર્સ અપ :** એશ્લે બાર્ટી, ઓસ્ટ્રેલિયા તથા કસી ડેલેક્યુઆની, ઓસ્ટ્રેલિયા

**મેન્સ ડબલ્સ**

- **વિજેતા :** રેન હેરિસ્ટન, અમેરિકા, તથા મીચલ વિનસ, ન્યુઝિલેન્ડ
- રનર્સ અપ : સેન્ટીઆગો ગોન્ઝાલેસ તથા ડોનાલ્ડ યંગ

પ્રશ્નો :

૧ યુસૈન બોલ્ટ કયા દેશનો એથ્લીટ છે ?
- જમૈકા

૨ યુસૈન બોલ્ટે ઓલિમ્પિકમાં કેટલા ગોલ્ડ જીત્યા છે ?
- આઠ

૩ પોતાના દેશમાં યોજાનાર ૧૦૦ મીટર દૌડ યુસૈન બોલ્ટે છેલ્લી વાર ભાગ લઇ કેટલા સમયમાં પુરી કરી ?
- ૧૦.૦૩ સેકન્ડ

૪ ગુરૂગોબિંદ સિંહનું કેટલામું જન્મજયંતિ વર્ષ ઉજવાઇ રહ્યું છે ?
- ૩૫૦

૫ પ્રકાશવર્ષ મહોત્સવ નિમિત્તે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના કયાં બે સ્થળ પર ગુરૂદ્વારાઓનો વિકાસ કરવાની જાહેરાત કરી ?
- કચ્છના લખપત અને બેટદ્વારકા

૬ ગ્રાન્ડસ્લેમ ફ્રેંચ ઓપન કઇ માટીના કોર્ટ પર રમાય છે ?
- લાલ

૭ કયા ભારતીય ખેલાડીએ ફ્રેન્ચ ઓપનમાં ડબલ્સનું ટાઇટલ જીત્યું ?
- રોહન બોપન્ના

૮ મિક્સ ડબલ્સ ટાઇટલ વિજેતા બોપન્નાના પાર્ટનરનું નામ જણાવો.
- ગેબ્રિયફેલા દેબ્રાયસ્કિ

૯ ફ્રેન્ચ ઓપન વિમેન્સ સિંગલ્સ વિજેતા ?
- જેલેના ઓસ્ટાપેન્કો

૧૦ જેલેના ઓસ્ટાપેન્કો કયા દેશના વતની છે ?
- લિટિવિયા

૧૧ ફ્રેન્ચ ઓપન વિમેન્સ સિંગલસ રનર્સ અપ ?
- સિમેના હાલેપ

૧૨ ફ્રેન્ચ ઓપન મેન્સ સિંગલસ વિજેતા ?
- રફેલ નડાલ

૧૩ ફ્રેંન્ચ ઓપનમાં નડાલે કોને પરાજય આપી ચેમ્પિયન બન્યો ?
- વાવરિંકા

## 13.June. 2017

**(૧) શૂટીંગ વર્લ્ડકપ :**

- ભારતીય શૂટર જીતુ રાય અને હિના સિધ્ધુએ ગબાલામાં યોજાયેલ શૂટીંગ વર્લ્ડકપમાં ગોલ્ડમેડલ જીત્યો.
- આ ભારતીય શૂટરોએ મિક્સ ટીમ એર પિસ્ટલ ઇવેન્ટમાં રશિયાને પરાજય આપી ગોલ્ડ જીત્યો હતો.
- આ વર્ષે શૂટીંગ વિશ્વકપમાં મિક્સ સ્પર્ધાને પ્રયોગાત્મક રૂપે સમાવેશ કરવામાં આવ્યો હોવાથી આ સ્પર્ધામાં જીતેલા મેડલની ગણના કરવામાં નહીં આવે.
- ટોક્યોમાં યોજાનારી ૨૦૨૦ની ઓલિમ્પિક રમતોમાં આ સ્પર્ધા માટે સત્તાવાર રીતે મેડલ આપવામાં આવશે.

**(૨) કેનેડા ગ્રાં.પ્રિ. એફ-૧ રેસ :**

Vivekanand Academy Gandhinagar

- મર્સિડીઝના ડ્રાઇવર લુઇસ હેમિલ્ટને કેનેડા ગ્રાં.પ્રિ. રેસ જીતી લીધી.
- આ સાથે હેમિલ્ટને સતત ત્રીજી વખત કેનેડા ગ્રા.પ્રિ. પર કબજો જમાવ્યો હતો.

પ્રશ્નો :

૧ ગબાલામાં યોજાયેલ શૂટીંગ વર્લ્ડકપમાં કયા ભારતીય શૂટરોએ મિક્સ ટીમ એર પીસ્ટલમાં ગોલ્ડમેડલ જીત્યો ?
- જીતુરાય, હિના સિંધુ

(૨) ૨૦૨૦ ઓલિમ્પિક કયાં યોજાશે ?
- ટોક્યો, જાપાન

(૩) કેનેડા ગ્રાં.પ્રિ. એફ–૧ રેસ વિજેતા ?
- લુઇસ એમિલ્ટન

## 14.June. 2017

**૧) ઇરાન ૨૦૧૮ ફિફા ફૂટબોલ વર્લ્ડકપ માટે ક્વોલિફાઇ :**

- ૨૦૧૮ ફિફા વિશ્વકપની ક્વોલિફાઇંગ મેચમાં ઉઝબેકિસ્તાનને પરાજય આપી ઇરાને ક્વોલિફાઇ કરી લીધું છે.
- આગામી ફિફા ફૂટબોલ વર્લ્ડકપ ૨૦૧૮માં રશિયા ખાતે યોજાશે.
- વર્લ્ડકપ ૨૦૧૮ માટે ક્વોલિફાઇ થનાર ઇરાન બ્રાઝિલ બાદ વિશ્વની બીજી ટીમ તથા એશિયાની પ્રથમ ટીમ બની છે.
- ઇરાની રાષ્ટ્રપતિ : હસન રૂહાની

**(૨) ૧૦૦ હાઇએસ્ટ પે ગ્લોબલ સેલેબ્સ – ફોર્બ્સ :**

- તાજેતરમાં પ્રખ્યાત ફોર્બ્સ મેગેઝિને વિશ્વના સૌથી વધુ કમાણી કરતા સેલિબ્રિટીની યાદી બહાર પાડી
- આ યાદીમાં ત્રણ ભારતીય અભિનેતા શાહરૂખખાન સલમાન ખાન અને અક્ષયકુમારને સ્થાન મળ્યું છે.
- યાદીમાં શાહરૂખખાનને ૬૫મું, સલમાન ખાનને ૭૧મું તથા અક્ષયકુમારને ૮૦ મું સ્થાન મળ્યું છે.
- આ યાદીમાં અમેરિકન રેપ સિંગર પી ડિડ્ડી પ્રથમ સ્થાને છે.

**(૩) મેડમ તુસાદ મ્યુઝિયમમાં આશા ભોંસલે :**

- પીઢ ગાયિકા આશા ભોંસલેનું મેડમ તુસાદ મ્યુઝિયમમાં મીણનું પૂતળું મુકવામાં આવશે.
- દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનીત થયેલા ગાયિકાની આ પ્રકારની પ્રથમ પ્રતિમા હશે.
- ભારતમાં દિલ્હી ખાતે મેડમ તુસાદ મ્યુઝીયમ જૂન ૨૦૧૭ થી ખુલ્લુ મુકાશે જ્યા અમિતાભ બચ્ચન, નરેન્દ્ર મોદી, શાહરૂખ ખાન, શ્રેયા ઘોષાલ વગેરે મહાનુભાવો સાથે આશા ભોંસલેની પ્રતિમા પણ હશે.

પ્રશ્નો :

૧ ફિફા ફુટબોલ વર્લ્ડકપ–૨૦૧૮માં બ્રાઝિલ બાદ કયાં દેશે ક્વોલિફાય કર્યુ ?
- ઇરાન

૨ ફોર્બ્સની ૧૦૦ હાઇએસ્ટ પે સેલેબ્સની યાદીમાં કેટલા ભારતીયને સ્થાન મળ્યું ?
- ત્રણ

૩ જૂન – ૨૦૧૭ માં કયા ભારતીય સેલિબ્રીટીનું મીણીનું પુતળું મેડમ તુસાદ મ્યુઝીયમમાં મૂકવાની જાહેરાત થઇ ?
- આશા ભોંસલે

(૫) ભારતના કયા શહેરમાં મેડમ તુસાદ મ્યુઝિયમની બ્રાન્ચ છે ?
- દિલ્હી

## 15.June. 2017

**(૧) વેલેન્ટીના તેરેશ્કોવા – અવકાશયાત્રી**

- ૧૫ જૂન ૧૯૬૩ ના દિવસે રશિયાના પ્રથમ મહિલા લેફ્ટનન્ટ વેલેન્ટીના તેરેશ્કેવાએ મોસ્કોથી અંતરિક્ષયાનમાં ઉડાન ભરી હતી.
- આ સાથે જ તેઓ અંતરિક્ષમાં જનારા પ્રથમ મહિલા બની ગયા હતા.
- તેઓ વોસ્ટોક –૬ અંતરિક્ષયાન દ્વારા આ ઉડાન ભરી હતી.
- ૭૧ કલાક અંતરિક્ષમાં રહ્યા બાદ ધરતી પર પરત કર્યા હતા.
- હાલમાં નાસા દ્વારા અંતરિક્ષ મીશન માટે ૧૨ નવા અંતરિક્ષયાત્રી પસંદ કરાયા છે તેમાં ભારતીય મૂળના અમેરિકી રાજાચારીનો પણ સમાવેશ કરાયો છે.

**(૨) ઓછી ટેસ્ટ રમેલા પૂર્વ ક્રિકેટરોને બીસીસીઆઇ ૩૫ લાખ રૂપિયા આપશે :**

- વર્ષ ૧૯૭૦ પછી ભારત તરફથી ૧૦ થી ઓછી ટેસ્ટ ક્રિકેટ રમનાર ક્રિકેટરોને બીસીસીઆઇ રૂા. ૩૫ લાખ આપશે.
- આ નિર્ણયનો લાભ ૧૩ પૂર્વ ક્રિકેટરોને મળશે.
- આ ઉપરાંત બોર્ડ દ્વારા ભારત તરફથી એકથી ચાર ટેસ્ટમેચ રમી છે તેઓને દર મહિને રૂા. ૨૨૫૦૦/– પેન્શન મળશે.

**(૩) લંડનમાં ૨૭ માળના ટાવરમાં આગ :**

- લંડનમાં આવેલા ૨૭ માળના ગ્રેનફેલ ટાવરમાં ભયંકર આગ લાગતા ૧૨ થી વધુ લોકો મૃત્યુ પામ્યા તથા ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા.
- આ આગ ૨૩માં માળે આવેલા ફલેટમાં ફ્રિઝમાં બ્લાસ્ટ થવાથી લાગી હતી.
- રાત્રીના ૧ વાગે લાગેલી આ એટલી ભીષણ હતી કે લોકો ૧૦ મા માળેથી કુદી જીવ બચાવવાનો પ્રયત્ન કરતા હતા.

પ્રશ્નો :

૧ જૂન ૨૦૧૭માં લંડનમાં જે ટાવરમાં આગ લાગી તેનું નામ જણાવો.
- ગ્રેનફેલ

૨ ૧૯૭૦ બાદ ભારત માટે ૧૦ થી ઓછી ટેસ્ટમેચ રમેલા ક્રિકેટરોને બીસીસીઆઇ કેટલા રૂપિયા આપશે ?
- રૂા. ૩૫ લાખ

૩ અંતરિક્ષમાં જનારા પ્રથમ મહિલા અંતરિક્ષયાત્રી ?
- વેલેન્ટિના તેરેશ્કોવા , રશિયા

૫ તેરેશકોવાએ કયાં યાનમાં ઉડાન ભરી હતી ?
- વોસ્ટકો – ૬

## 16.June. 2017

**(૧) કોહલીની વિરાટ સિદ્ધિ :**

- ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ ફાસ્ટેસ્ટ ૮૦૦૦ રન બનાવી ડિવિલિયર્સનો રેકોર્ડ તોડ્યો.
- ચેમ્પિયન્સ ટ્રોફીમાં બાંગ્લાદેશ સામેની સેમીફાઇનલ મેચમાં કોહલીએ ૮૮ રન બનાવવાની સાથે આ સિદ્ધિ હાંસલ કરી હતી.
- તેણે ૧૭૫ ઇનિંગ (૧૮૩ મેચ) રમી ૮૦૦૦ રન પુરા કર્યા. એબી ડિવિલિયર્સ ૧૮૨ ઇનિંગ્સમાં આઠ હજાર રન પૂર્ણ કર્યા હતા.

**શિખર ધવન :**

- ભારતીય ઓપનર શિખર ધવને પણ પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનો રેકોર્ડ તોડ્યો
- ધવને ચેમ્પિયન્સ ટ્રોફીમાં સર્વાધિક રન બનાવનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બનવાની સિદ્ધિ મેળવી હતી.
- ધવને ૯ મેચમાં ૬૮૦ રન બનાવ્યા હતા.

- જ્યારે સૌરવ ગાંગુલીએ ૧૩ મેચમાં ૬૬૫ રન બનાવ્યા હતા.

**(૨) આજથી પેટ્રોલ – ડિઝલ ભાવ રોજ બદલાશે :**

- આજ ૧૬ જૂનથી હવે દેશમાં દરરોજ પેટ્રોલ– ડિઝલના ભાવ બદલાશે
- આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડના ભાવમાં થતાં ફેરફારના લીધે સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો.
- પ્રથમ દિવસે જ પેટ્રોલમાં લિટરે રૂા. ૧.૧૨ અને ડિઝલમાં ૧.૨૪ નો ઘટાડો નોંધાયો.
- પેટ્રોલિયમ પ્રધાન : ધર્મેન્દ્ર પ્રધાન

**(૩) મીરા ઇરડા : કાર રેસર :**

- વડોદરાની કાર રેસર મીરાને આગામી જેકે ટાયર્સ એફએમએસસીઆઇ નેશનલ રેસિંગ સ્પર્ધાની યુરો જેકે સિરિઝ માટે કરારબદ્ધ કરવામાં આવી છે.
- આ પ્રતિભાશાળી યુવા રેસર ભારતમાં યોજનારી ફોર્મ્યુલા રેસિંગની હાઇએસ્ટ સ્પર્ધામાં ભાગ લેનારી દેશની પ્રથમ મહિલા ડ્રાઇવર બનશે.
- તેણે ગયા વર્ષે એલજીબી ફોર્મ્યુલા–૨ ચેમ્પીયનશીપમાં રૂકી ચેમ્પિયન ઓફ ધ યર તરીકેનો પુરસ્કાર એનાયત પણ જીત્યો હતો.

**(૪) નિશિતા પુરોહિત :**

- ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટયૂટ ઓફ મેડીકલ સાયન્સ (એઇમ્સ) ની એમબીબીએસ એન્ટ્રેસ એક્ઝામ– ૨૦૧૭ માં સુરતની નિશિતા સમગ્ર દેશમાં પ્રથમ આવી.
- દેશભરની સાત એઇમ્સમાં ૭૦૭ સીટમાં પરિક્ષા લેવાઇ હતી.
- કેન્દ્ર સરકાર દ્વારા દિલ્હી, જોધપુર, ભોપાલ, ઋષિકેશ પટના, રાયપુર, અને ભુવનેશ્વરમાં આવેલી એઇમ્સ હોસ્પિટલ અને કોલેજમાં એડમિશન માટે દર વર્ષે મે માસમાં એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવે છે.

પ્રશ્નો :

૧ વન –ડે ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ ૮૦૦૦ રનનો રેકોર્ડ ક્યાં ખેલાડીના નામે છે ?
- વિરાટ કોહલી

૨ કઇ તારીખથી દેશમાં સરકારી ઓઇલ કંપનીમાં દરરોજ પેટ્રોલ ડિઝલના ભાવ બદલાશે ?
- ૧૬ જૂન, ૨૦૧૭

૩ મીરા ઇરડા ક્યાં ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?
- કાર રેસર

૪ મીરા ઇરડા ક્યાં રાજ્યની વતની છે ?
- ગુજરાત

૫ એઇમ્સની એમબીબીએસ એન્ટસ એક્ઝામમાં ગુજરાતની વિદ્યાર્થીની સમગ્ર ભારતમાં પ્રથમ આવી તેનું નામ જણાવો.
- નિશિતા પુરોહીત

૬ હાલમાં દેશમાં કેટલી એઇમ્સ કાર્યરત છે ?
- સાત

## 17.June. 2017

**(૧) બેંકમાં આધારકાર્ડ ફરજીયાત –કેન્દ્ર સરકાર :**

- હવે કેન્દ્ર સકારની જાહેરાત મુજબ બેંકમાં ખાતુ ખોલવા તથા ૫૦ હજાર રૂા. થી વધુની લેવડ–દેવડ માટે આધાર નંબર અનિવાર્ય હશે.
- તથા બેંકોના તમામ વર્તમાન ખાતા ધારકોને ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ સુધીમાં આધાર નંબર આપવા જણાવાયું છે નહીં તો ખાતા અમાન્ય થઇ જશે.
- નવું ખાતું ખોલાવવા સમયે આધાર કાર્ડ ના હોય તો ૬ મહિનામાં આધાર નંબર બેંકમાં આપવો પડશે નહી તો ખાતું બંધ થઇ જશે.
- થોડા દિવસો પહેલા જ સરકારે કેરોસીન સબસીડી અને અટલ પેન્શન યોજના માટે પણ આધાર ફરજીયાત કર્યું હતું.

**(૨) મેન બુકર પ્રાઇઝ :**

- ઇઝરાયલી લેખક ડેવિડ ગ્રોસમેનને ચાલુ વર્ષનો મેન બુકર એવોર્ડ મળ્યો.
- ગ્રોસમેને આ એવોર્ડ તેમના ઉપન્યાસ અ હોર્સ વોક્સ ઇન ટુ અ બાર' માટે મળશે.
- ૫૦ હજાર પાઉન્ડની ઇનામી રકમ આ વખતે ગ્રોસમેન અને અનુવાદક જેસિક કોહેન વચ્ચે વહેચાશે

**(૩) ઇન્ટરનેટ ટ્રેન્ડ્સ – ૨૦૧૭ :**

- ભારતમાં સૌથી વધુ ડાઉનલોડ થતી એપનો રીપોર્ટ
- આ રીપોર્ટ મુજબ ભારત અને વિશ્વમાં સૌથી વધુ ડાઉનલોડ થનારી એપ વોટ્સએપ છે જે ૧ અબજથી વધુ વખત ડાઉનલોડ થઇ ચૂકી છે.

ભારતમાં સૌથી વધુ ડાઉનલોડ થયેલી એપ :

| ક્રમ | એપ | મેક ઇન | ઉપયોગ |
|---|---|---|---|
| ૧ | વોટ્સએપ | અમેરિકા | મેસેજિંગ |
| ૨ | ફેસબુક મેસેન્જર | અમેરિકા | મેસેજિંગ |
| ૩ | શેરઇટ | ચીન | ફાઇલ ટ્રાન્સફર |
| ૪ | ટ્રુ કોલર | સ્વિડન | ડાયલર |
| ૫ | ફેસબુક | અમેરિકા | સોશિયલ |

- આ ઉપરાંત એન્ટરટેઇનમેન્ટ માટે ભારતમાં જ બનેલી બે એપ હોટસ્ટાર અને જિયો ટીવી અનુક્રમે આઠ અને નવમાં ક્રમે છે.

**(૪) જૂનૈદ મટ્ટુ : આતંકવાદી :**

- બુરહાન વાની અને સબઝારના મૃત્યુબાદ લશ્કરે તોયબાનો વડો.
- તાજેતરમાં ભારતીય સેના દ્વારા લશ્કરના કમાન્ડર જુનૈદ મટ્ટુને પણ મોતને ઘાટ ઉતારી દેવાયો છે.
- ભારતીય સેનાએ આ એન્કાઉન્ટરમાં જુનૈદ ઉપરાંત અન્ય બે આંતકીઓને પણ ઠાર કર્યા હતા.

પ્રશ્નો :

૧ બેંકમાં આધારકાર્ડ લિંક કરાવવા કેન્દ્ર સરકારે કઇ છેલ્લી તારીખ આપી છે ? ?
- ૩૧ ડિસેમ્બર ૨૦૧૭

૨ મેન બુકરપ્રાઇઝ વિજેતા ?
- ડેવિડ ગ્રોસમેન

૩ ડેવિડ ગ્રોસમેન ક્યાં દેશના લેખક છે ?
- ઇઝરાયલ

૪ ઇન્ટરનેટ ટ્રેન્ડસ – ૨૦૧૭ મુબજ ભારતમાં સૌથી વધુ કઇ એપ ડાઉનલોડ થાય છે ?
- વોટ્સએપ

૫ ભારતમાં સૌથી વધુ ડાઉનલોડ થતી એપ્સમાં કઇ એ એપ ટોપ–૧૦માં છે જે ભારતમાં બનેલી છે ?
- હોટસ્ટાર, જીઓટીવી

૬ ભારતીય લશ્કરે હાલમાં લશ્કર એ તોયબાના વડાને ઠાર કર્યો તેનું નામ જણાવો.
- જુનૈદ મટ્ટું

## 18.June. 2017

**(૧) ફાધર્સ ડે :**

Vivekanand Academy Gandhinagar

- દર વર્ષે જૂન મહિનાના ત્રીજા રવિવારે વિશ્વભરમાં ફાધર્સ ડે મનાવવામાં આવે છે.

**(૨) નર્મદા ડેમની કામગીરી પૂર્ણ ૩૦ દરવાજા બંધ કરાયા :**

- ગુજરાતની જીવાદોરી ગણાતા સરદાર સરોવર નર્મદા ડેમના તમામ ૩૦ દરવાજા બંધ કરવાની મંજુરી નર્મદા કંટ્રોલ ઓથોરીટી (NCA) દ્વારા ગુજરાતને અપાઇ.
- ઘણા વર્ષથી ખૂબ જ આતુરતાથી રાહ જોવાતી હતી તે મંજુરી મળતા મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી નર્મદા બંધ કેવડીયા ખાતે પહોચ્યા હતા.
- કેવડીયા ખાતે ડેમના ૩૦ દરવાજા બંધ કરવાની વિધિ કરાવી હતી.
- ડેમની વર્તમાન ઉંચાઇ ૧૨૧.૯૨ મીટરની છે.
- પરંતુ હવે ૩૦ દરવાજા બંધ થતા તેની પૂર્ણ કક્ષાની સપાટી ૧૩૮.૬૮ મીટરે પહોંચી ગઇ છે.
- ગુજરાતના ૧૫ જિલ્લામાં ૧૮ લાખ હેક્ટર વિસ્તારને પાણી મળશે.
- હવે જળવિદ્યુત ઉત્પાદનમાં પણ ૪૦ ટકાની વૃદ્ધિ થતાં ૧૪૫૦ મેગાવોટની ક્ષમતાએ પહોંચશે.
- આ ૩૦ ગેટ વર્ષ ૧૯૯૫માં ૫૦ કરોડમાં બનાવવામાં આવ્યા હતા.
- ૧ ગેટ ખોલાય તો ૧ લાખ ક્યુસેક પાણી ડિસ્ચાર્જ થશે.
- હવે સરદાર સરોવરમાં ૭.૭૦ મિલિયન એકર ફુટ પાણીનો સંગ્રહ થશે.
- તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ વર્ષ ૧૯૬૧માં કેવડીયા કોલોની ખાતે સરદાર સરોવર ડેમની પહેલી ઇંટ મુકી ખાત મુહુર્ત કર્યું હતું.
- અત્યાર સુધી ડેમ ઓવરફ્લો થતા પાણી દરિયામાં વહી જતું હતું પરંતુ હવે ૩૦ દરવાજા ચોમાસા પહેલા બંધ થતાં પાણીનો સંગ્રહ થશે.

**(૩) થારના રણમાં સરસ્વતી નદીની શોધ :**

- જેસલમેરમાં ખોદાયેલા ટ્યુબવેલમાં ઘણું પાણી મળી આવ્યું જે હજારો વર્ષ જુનું હોવાનું જણાયું છે.
- આથી થારના રણમાં એકવાર ફરીથી સરસ્વતી નદીની શોધ શરૂ થઇ છે. જે લુપ્ત થઇ ગઇ હોવાનું મનાય છે.
- કેન્દ્રીય ભૂજલ બોર્ડ નદીની શોધ માટે ૧૨૨ સ્થળો ખોદકામ કરશે.
- સરસ્વતી નદીને ગંગા જેવી પવિત્ર નદી માનવામાં આવે છે.
- ઋગ્વેદ અને મહાભારત જેવા ગ્રંથોમાં સરસ્વતી નદી ભારતમાં વહેતી હોવાનો ઉલ્લેખ છે.

**(૪) બીજા તબક્કામાં ગુજરાતની આઠ પોસ્ટ ઓફિસમાં પાસપોર્ટ સેવા કેન્દ્ર શરૂ થશે.**

- વિદેશ મંત્રાલય અને પોસ્ટ વિભાગે દેશમાં આવેલી મુખ્ય પોસ્ટ ઓફીસમાં પાસપોર્ટ સંબંધીત સેવા શરૂ કરવા નક્કી કર્યું છે.
- આ માટે પ્રથમ તબક્કામાં દેશમાં ૮૬ જેટલા પોસ્ટઓફીસ પાસપોર્ટ સેવા કેન્દ્ર ઉભા કરવા ઠરાવવામાં આવ્યું હતું.
- સરકારે હવે બીજા તબક્કામાં ૧૪૯ પોસ્ટ ઓફીસ પાસપોર્ટ કેન્દ્ર શરૂ કરવા કરાવ્યું છે.
- આ ૧૪૯ પૈકી ગુજરાતની આઠ પોસ્ટ ઓફીસનો સમાવેશ થાય છે.
- આણંદ, ભરૂચ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ખેડા, નવસારી, વલસાડ
- દેશમાં હવે પોસ્ટ ઓફીસ પાસપોર્ટ સેવા કેન્દ્રોની કુલ સંખ્યા ૨૩૫ થઇ જશે.

**(૫) કેરળમાં મેટ્રોટ્રેનની શરૂઆત થઇ :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેરળના કોચીમાં મેટ્રો ટ્રેનનું ઉદ્‌ઘાટન કર્યું.
- વડાપ્રધાનશ્રીએ કેરળના મુખ્યમંત્રી પિનારાઇ વિજયન વૈંકેયા નાયડુ તથા મેટ્રોમેન તરીકે જાણીતા ટ્રેનના એન્જિનિયર ઇ.શ્રીધરન સાથે મેટ્રોમાં સવારી કરી હતી.
- કોચી મેટ્રો ‘મેક ઇન ઇન્ડિયા’ વિઝનનું સૌથી ઉત્તમ ઉદાહરણ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું.
- ફ્રેંચ કંપની અલસ્ટોમની ૩૦ ટકા અને ભારતની ૭૦ ટકા ભાગીદારી સાથે કોચી મેટ્રો કાર્યાન્વિત થઇ છે.

**કોચી મેટ્રો પ્રોજેક્ટ વિશે :**

- કેરળના કોચી શહેરમાં શરૂ થયેલી મેટ્રો સેવા દેશમાં સંચાલીત આઠમી મેટ્રો સેવા છે.
- ખર્ચ : ૫૧૮૧.૭૯ કરોડ રૂા.
- અલુવાથી : તિરિપુનિતુરા સુધી ૨૬.૬૦ કિમીના અંતરમાં માર્ગમાં ૨૨ સ્ટેશન આવે છે.
- ત્રણ કોચ ધરાવતી આ ટ્રેનમાં ૧૩૬ પ્રવાસી બેસી શકે તેવી સુવિધા છે.

**કોચી મેટ્રોની ખાસીયત :**

- વિશ્વમાં પહેલી વાર મેટ્રો સંચાલન માટે ટ્રાન્સજેન્ડર કે સમલૈંગિક સ્ટાફની ભરતી કરાઇ.
- ૨૩ ટ્રાન્સજેન્ડર તથા ૮૦ ટકા મહિલા કર્મચારી રહેશે.
- ગર્ભવતી મહિલા તેમજ ઉમરલાયક મહિલા માટે બેઠકો અનામત રાખવામાં આવી છે.
- દેશની પ્રથમ મેટ્રોસેવા છે કે જેમાં સોલાર ઉર્જાનો મોટાપાયે ઉપયોગ થઇ રહ્યો છે.
- તમામ ૨૨ સ્ટેશનને રૂફટોપ સોલાર પેનલથી સજ્જ કરવાની યોજના છે.
- આ મેટ્રો તેની જરૂરિયાતની ૨૫ ટકા ઉર્જા સોલાર એનર્જી મારફતે મળશે
- જળપરિવહન સાથે અસરકારક રીતે સાંધતી દેશની પ્રથમ મેટ્રો સેવા બની રહેશે.
- વિવિધ ૧૦ ટાપુ પર વસતા લોકોને મેટ્રો સ્ટેશન સુધી લાવવા ૭૮ જેટલી સ્પીડબોટ કામે લાગશે.
- મેટ્રો દ્વારા સાયકલ સેવા પણ શરૂ થશે જેમાં વિનામૂલ્યે પ્રવાસી સાયકલ મેળવીને કોચીમાં ફરી શકશે અને પરત કરશે.
- કોચી મેટ્રો કોમ્યુનિકેશન બેઝડ ટ્રેન કંટ્રોલ સિસ્ટમ સંચાલીત છે. જેના કારણે આગળ જતા ડ્રાઇવર વિના સંચાલન થઇ શકશે.
- દરેક કોચમાં મોબાઇલ ચાર્જિંગ માટે યુએસવી પોર્ટ.

**(૬) સુવર્ણ રેખા નદી :**

- ઝારખંડમાં વહેતી સુવર્ણરેખા નદીમાં સોનાના કણ મળી આવે છે જેનાથી આદિવાસી વિસ્તારના ઘણા લોકોની રોજગારી આ કણ દ્વારા મળી રહે છે.
- આ નદીનો પ્રવાહ તમામ પ્રકારના પથ્થરોમાંથી વહે છે.
- આથી પાણી અને પથ્થરનું ઘર્ષણ થવાથી સોનાના કણ છૂટા પડે છે. એવી માન્યતા છે.
- આ નદી રાંચી થી ૧૬ કિ.મી. દૂર નગડી ગામના રાની ચુઆ સ્થળેથી નીકળે છે.
- લંબાઇ : ૪૭૪ કિ.મી.
- તેનો મોટાભાગનો માર્ગ જંગલો અને પહાડી વિસ્તારનો છે.
- તે બીજી કોઇ નદીની સાથે ભળતી નથી.
- આ નદી ઝારખંડમાં સિંહભૂમિ જિલ્લામાં પ્રવેશીને ત્યારથી ઓરિસ્સામાં અને આગળ પશ્ચિમ બંગાળના બાલેશ્વર પાસે બંગાળની ખાડીને મળે છે.

Vivekanand Academy Gandhinagar

– ભારતમાં લોખંડ અને ઇસ્પાતનું કારખાનું આ નદીના કાંઠે શરૂ થયું હતું.

પ્રશ્નો :

૧ ફાધર્સ ડે ક્યારે મનાવાય છે ?

– દર વર્ષે જૂન મહિનાના ત્રીજા રવિવારે

૨ નર્મદા કંટ્રોલ ઓથોરીટીની મંજુરી બાદ કેટલા દરવાજા બંધ કરવામાં આવ્યા ?

– ૩૦

૩ હવે નર્મદા બંધની ઉંચાઇ જણાવો.

– ૧૩૮.૬૮ મીટર

૪ થારના રણમાં કઈ નદી લુપ્ત થઇ ગઇ એવું માની ખોદકામ દ્વારા ફરીથી શોધવામાં આવશે ?

– સરસ્વતી

૫ બીજ તબક્કામાં ગુજરાતની કેટલી પોસ્ટ ઓફીસમાં પાસપોર્ટ સેવા શરૂ થશે ?

– આઠ

૬ જૂન ૨૦૧૭માં કયાં રાજયમા વડાપ્રધાનશ્રીએ મેટ્રો ટ્રેનની શરૂઆત કરાવી ?

– કેરળ

૭ કેરળ મુખ્યમંત્રી ?

– પિનારાઇ વિજયન

૮ કોચીમેટ્રો તેની જરૂરીયાતની કેટલા ટકા ઉર્જા સોલર એનર્જી મારફતે મેળવશે ?

– ૨૫ ટકા

૯ મેટ્રોટ્રેન તરીકે જાણીતા એન્જિનિયર ?

– ઇ. શ્રીધરન

૧૦ કઇ નદીમાં સોનાના કણ મળી આવે છે ?

– સુવર્ણરેખા

૧૧ સુવર્ણરેખા નદી કયાં રાજયમાં આવેલ છે ?

– ઝારખંડ

## 19.June. 2017

**(૧) ચેમ્પિયન્સ ટ્રોફી – ક્રિકેટ :**

– આઇસીસી દ્વારા વિશ્વની ટોપ–૮ ટીમ વચ્ચે ચેમ્પિયન્સ ટ્રોફી યોજવામાં આવે છે.

– આ ટ્રોફી વન–ડે ફોર્મેટમાં યોજાય છે.

**(૨) ચેમ્પિયન્સ ટ્રોફી : ૨૦૧૭**

– વિજેતા : પાકિસ્તાન

– રનર્સ અપ : ભારત

– યજમાન :ઇંગ્લેન્ડ

– ફાઇનલ મેચ લંડનના ઓવલ ક્રિકેટ ગ્રાઉડ ખાતે યોજાઇ હતી.

– પાકિસ્તાન કેપ્ટન : સર્ફરાજ અહેમદ

– ભારત કેપ્ટન : વિરાટ કોહલી

– મેન ઓફ ધ મેચ (ફાઇનલ મેચ) ફખર ઝમન

– મેન ઓફ ધ સિરિઝ – હસન અલી

– ગોલ્ડન બેટ એવોર્ડ : શિખર ધવન

– ગોલ્ડન બોલ એવોર્ડ : હસન અલી

**ચેમ્પિયન્સ ટ્રોફીનો ઇતિહાસ :**

– પ્રથમ ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન વર્ષ ૧૯૯૮માં બાંગ્લાદેશમાં થયું હતું.

– પ્રથમ ચેમ્પિયન્સ ટ્રોફી વિજેતા : દક્ષિણ આફ્રિકા

– ભારત વર્ષ ૨૦૦૬માં યજમાન રહ્યું હતું. જેમાં ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન બન્યું હતું.

– વર્ષ ૨૦૨૨માં ભારત અને શ્રીલંકા સંયુક્તરૂપે વિજેતા બન્યા હતા.

– છેલ્લે વર્ષ ૨૦૧૩માં યોજાયેલ ટૂર્નામેન્ટમાં ભારત ચેમ્પિયન રહ્યું હતું.

**આઇસીસી ચેમ્પિયન ટ્રોફી ટીમ :**

– ટૂર્નામેન્ટ પૂર્ણ થયા બાદ આઇસીસી દ્વારા ટૂર્નામેન્ટના પર્ફોમન્સને ધ્યાનમાં લઇ ૧૨ ખેલાડીની આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ટીમ બનાવવામાં આવી.

– આ ટીમમાં ભારતના ત્રણ ખેલાડીઓને સ્થાન મળ્યું.

(૧) શિખર ધવન

(૨) વિરાટ કોહલી

(૩) ભુવનેશ્વર કુમાર

– તથા પાકિસ્તાનના સરફરાઝને કેપ્ટન બનાવવામાં આવ્યા

**(૨) ઇન્ડોનેશીયા ઓપન : બેડમિન્ટન :**

– ભારતીય શટલર કિદામ્બી શ્રીકાંતે ઇન્ડોનેશીયા ઓપન બેડમિન્ટનનું ટાઇટલ જીત્યું.

– ફાઇનલમાં તેણે જાપાનના કાઝુમાસા સકાઇને પરાજય આપ્યો હતો.

– આ સાથે શ્રીકાંતે ત્રીજું સુપર સિરિઝનું ટાઇટલ જીત્યું.

– આ પહેલા વર્ષ ૨૦૧૪માં ચાઇનીઝ સુપર સીરિઝ પ્રીમિયર તથા ૨૦૧૫માં ઇન્ડિયન સુપર સિરિઝ ચેમ્પિયન બન્યો હતો.

**(૩) આત્મસ્થાનંદજી :**

– રામકૃષ્ણ મિશન, બેલુર મઠના પ્રમુખ સ્વામી આત્મસ્થાનંદજી મહારાજનું અવાસન.

– ૯૮ વર્ષીય સ્વામીજી લાંબા સમયથી બિમાર હતા.

– વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી તેમને પોતાના ગુરૂ માનતા હતા.

**(૪) રાજસ્થાનમાં ભારત પાકિસ્તાન સરહદ પર ડ્રેગન ફેન્સિંગ :** –

– રાજસ્થાનના થારના રણમાં ભારત–પાકિસ્તાન બોર્ડર પર ૩૨.૫ કિ.મી. લાંબા વિસ્તારમાં હવે અમેરિકા– મેક્સીકો બોર્ડરની માફક ડ્રેગન ફેન્સિંગ કરાશે.

– શિફ્ટીંગ ફેન્સિંગને સેન્ડ ડ્રેગન કહેવાય છે.

– તેમાં ૧૫ ફૂટ ઉંચુ ફેન્સીંગ કરાય છે જેમાં જમીનમાં કોઇ જ બાંધકામ કરાતું નથી.

– રેતીના ટીંબા શીફ્ટ થાય તો ફેન્સિંગ પણ તેની શિફ્ટ થતું રહે છે.

– શિફ્ટ ન થાય તો તેને મશીનની મદદથી આસાનીથી નવા ટીંબામાં ફેરવી શકાય છે.

– થારના રણમાં જેસલમેર શાહગઢ બલ્જ ક્ષેત્રમાં રેતીના ટીંબા હવાના તોફાનના કારણે રાતો રાતોરાત ગાયબ થઇ જાય છે.

– તેથી ત્યાં ફેન્સિંગ હંમેશા પડી જાય છે. અને ઘૂસણખોરી રોકવામાં બીએમએફને તકલીફ પડે છે.

– હવે આ ૩૨–૫ કિ.મી.ના એરીયામાં ડ્રેગન ફેન્સિંગને મંજુરી મળતા ઘૂસણખોરી અટકાવી શકાશે.

પ્રશ્નો :

ચેમ્પિયન્સ ટ્રોફી–૨૦૧૭ અંતર્ગત નીચેના પ્રશ્નના જવાબ આપો.

૧) ફાઇનલ મેચ કયાં રમાઇ હતી ?

– ઓવલ ક્રિકેટ ગ્રાઉન્ડ, લંડન

૨) ચેમ્પિયન્સ ટ્રોફી વિજેતા ?

– પાકિસ્તાન

૩ પાકિસ્તાન વન–ડે ક્રિકેટ ટીમ કેપ્ટન ?

– સરફરાઝ અહેમદ

૪ રનર્સ અપ ટીમ ?

– ભારત
૫ ભારત કેપ્ટન ?
– વિરાટ કોહલી
૬ ફાઇનલ મેચમાં મેન ઓફ ધ મેચ ?
– ફખર ઝમન
૭ ગોલ્ડન બેટ એવોર્ડ વિજેતા ?
– શિખર ધવન

૮ પ્રથમ ચેમ્પિયન્સ ટ્રોફી ક્યારે યોજાઇ હતી ?
– ૧૯૯૮
૯ પ્રથમ ચેમ્પિયન્સ ટ્રોફી વિજેતા ટીમ ?
– દ. આફ્રિકા
૧૦ છેલ્લી ટૂર્નામેન્ટ ૨૦૧૩માં યોજાઇ ત્યારે કઇ ટીમ ચેમ્પિયન બની હતી ?
– ભારત
૧૧ આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ટીમમાં કેટલા ભારતીય ખેલાડીને સ્થાન મળ્યું ?
– ત્રણ
૧૨ આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ટીમ કેપ્ટન ?
– સરફરાઝ અહેમદ
૧૪ ઇન્ડોનેશીયા ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટ વિજેતા ?
– કિદામ્બી શ્રીકાંત
૧૫ તાજેતરમાં અવસાન પામેલ સંતનું નામ આપો જેમણે વડાપ્રધાન મોદી ગુરૂ માનતા હતા ?
– આત્મસ્થાનંદજી
૧૬ રાજસ્થાનમાં થારના રણમાં ભારત પાકિસ્તાન સરહદમાં કઇ ફેન્સિંગ કરાશે ?
– ડ્રેગન ફેન્સિંગ

## 20.June. 2017

**(૧) અમિતાભ બચ્ચન જીએસટી નું પ્રમોશન કરશે.**

– ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ના અમલમાં હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે એક્સાઇઝ એન્ડ કસ્ટમ્સ વિભાગે મહાનાયક અમિતાભ બચ્ચનને જીએસટીના પ્રમોશન માટે એમ્બેસેડર નિયુક્ત કર્યા છે.
– આ માટે ૪૦ સેકન્ડનો વિડિયો પણ તૈયાર કરાયો છે.

**(૨) તાજ પેલેસ હોટલ ટ્રેડ માર્ક મેળવનારી ભારતની પ્રથમ ઇમારત બની :**

– મુંબઇની શાન સમી હોટલ તાજ પેલેસને ટ્રેડ માર્ક આપવામાં આવ્યું છે.
– આ સાથે જ ૧૧૪ વર્ષ જૂની આ ઇમારત ટ્રેડમાર્ક રજીસ્ટ્રેશન મેળવનારી ભારતની પહેલી ઇમારત બની છે.
– વિશ્વમાં ઘણી ઓછી ઇમારત છે જેને આ પ્રકારે ટ્રેડમાર્ક રજીસ્ટર કરવામાં આવી છે.
– આવી ઇમારતોમાં ન્યુયોર્કનું એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ પેરિસનો એફીલ ટાવર અને સિડની ઓપેરા, હાઉસનો સમાવેશ થાય છે.
– ૧૯૯૯ માં ટ્રેડમાર્ક એક્ટ આવ્યો ત્યારબાદ ભારતમાં કોઇપણ ઇમારતનું ટ્રેડમાર્ક રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું નહોતું.
– તાજ મહેલ પેલેસનું નિર્માણ ૧૯૦૩માં કરવામાં આવ્યું હતું.
– ઇન્ડિયન હોટેલ્સ કંપની લિમિટેડ (IHCL) દ્વારા હોટલનું મેનેજમેન્ટ થાય છે.

પ્રશ્નો :

૧ જીએસટીનું પ્રમોશન ક્યાં અભિનેતા કરશે ?
– અમિતાભ બચ્ચન
૨ ટ્રેડમાર્ક મેળવનારી ભારતની પ્રથમ ઇમારત ?
– હોટલ તાજ પેલેસ, મુંબઇ
૩ ટ્રેડમાર્ક એક્ટ ક્યારે આવ્યો હતો ?
– ૧૯૯૯
૪ તાજમહેલ પેલેસનું નિર્માણ ક્યારે કરવામાં આવ્યું હતું ?
– ૧૯૦૩

## 21.June. 2017

**૧) ઇન્ટરનેશનલ યોગા ડે :**

– વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના પ્રસ્તાવથી વર્ષ ૨૦૧૫ થી યુનો દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવામાં આવે છે.
– આ વખતે ત્રીજો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો.
– આ વર્ષની થીમ : યોગા ફોર હેલ્થ
– વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખનઉમાં રમાબાઇ આંબેડકર મેદાનમાં હજારો લોકો સાથે યોગા કર્યા હતા.

**ગુજરાત :**

– ગુજરાતમાં અમદાવાદ ખાતે જીએમડીસી ગ્રાઉન્ડ પર બાબા રામદેવના માર્ગદર્શન હેઠળ ૫૪૨૦૦ લોકોએ યોગ કરી વિક્રમ સર્જ્યો હતો.
– આ રેકોર્ડ ગ્રિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામ્યો છે.
– આ ઉપરાંત રાજકોટ ખાતે ૭૮૨ મહિલાઓએ પાણીમાં એક્વાયોગ કર્યા હતા.

**(૨) અનિલકુમ્બલેનું કોચ પદેથી રાજીનામું :**

– ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ અનિલ કુમ્બલેનું રાજીનામું
– હવે વેસ્ટઇન્ડિઝનો પ્રવાસ ભારત કોચ વિના જ કરશે.
– કુમ્બલેના કાર્યકાળ દરમિયાન ભારતીય ટીમનો દેખાવ :

**ટેસ્ટ :**

કુલ મેચ : ૧૭
ભારતની જીત : ૧૨
ભારતની હાર : ૧
ડ્રો : ૪
અનિર્ણિત : –

**વન ડે :**

કુલ મેચ : ૧૩
ભારતની જીત : ૮
ભારતની હાર : ૫
ડ્રો : –
અનિર્ણિત : –

**ટી –૨૦ :**

કુલ મેચ : ૫
ભારતની જીત : ૨
ભારતની હાર : ૨
ડ્રો : –
અનિર્ણિત : ૧

**કુલ મેચો (ટેસ્ટ + વન –ડે + ટી–૨૦) :**

કુલ મેચ : ૩૫
ભારતની જીત : ૨૨
ભારતની હાર : ૮
ડ્રો : ૪
અનિર્ણિત : ૧

Vivekanand Academy Gandhinagar

પ્રશ્નો :

૧ ૨૧ જૂનના રોજ કયો આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
– આંતરરાષ્ટ્રીય યોગા દિવસ
૨ આંતરરાષ્ટ્રીય યોગા દિવસનો આ વખતનો ક્રમ ?
– ત્રીજો
૩ આંતરરાષ્ટ્રીય યોગા દિવસ–૨૦૧૭ ની થીમ જણાવો ?
– યોગા ફોર હેલ્થ
૪ યોગ દિવસે વડાપ્રધાન મોદીએ કયાં શહેરમાં યોગ કર્યા હતા ?
– લખનઉ
૫ ગુજરાતમાં કેટલા લોકોએ એક સાથે યોગ કરી વર્લ્ડ રેકોર્ડ કર્યો હતો ?
– ૫૪૫૨૨
૬ બીસીસીઆઇને કોણે કોચપદેથી રાજીનામું આપ્યું ?
– અનિલ કુંબલે

## 22.June. 2017

**(૧) ચેતના વાળા : વોલીબોલ :**

– ગુજરાતના કોડીનાર પંથકના સરખડી ગામની ચેતના વાળાને ભારતીય મહીલા વોલીબોલ ટીમની કેપ્ટન બનાવાઇ છે.
– હાલમાં ચેતનાના નેતૃત્વમાં ભારતીય મહિલા વોલિબોલ ટીમ ચીન ખાતે પાંચ દેશોની બ્રીક્સ ગેમ્સ– ૨૦૧૭માં ભાગ લઇ રહી છે.

**(૨) ઓપરેશન સ્વર્ણ :**

– રાજધાની અને શતાબ્દી ટ્રેનોની કાયાપલટ કરતું રેલવે મંત્રાલયનું અભિયાન
– દેશની પ્રીમિયમ ટ્રેનો રાજધાની અને શતાબ્દી એક્સપ્રેસની સર્વિસ કથળી હોવાથી તેમજ ફુડ ક્વોલિટી અને સ્વચ્છતાની અવાર નવાર ફરીયાદો મળતી હોવાથી રેલવે મંત્રાલયે ‘ઓપરેશન સ્વર્ણ’ અભિયાનની શરૂઆત કરી
– પ્રથમ તબક્કામાં મુંબઇ– દિલ્હી–રાજધાની એક્સપ્રેસ અને મુંબઇ – અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસને અપગ્રેડેશન માટે પસંદ કરાઇ છે.
– આ અભિયાન હેઠળ સમય પાલન સ્વચ્છતા, કોચ, ઇન્ટરિયર, કેટરિંગ, સ્ટાફ બિહેવિયર, સિક્યુરીટી, હાઉસકીપિંગ અને ટોઇલેટ જેવા એરીયા પર ધ્યાન કેન્દ્રીત કરાશે.

**(૩) મોહમ્મદ બિન સલમાન :**

– સાઉદીના રાજા સલમાને પુત્ર મોહમ્મદ બિન સલમાનને વારસદાર જાહેર કર્યો.
– હવે રાજકુમાર મોહમ્મદ બિન સલમાન સાઉદીની સત્તા સંભાળશે.

પ્રશ્નો :

૧ ભારતીય મહિલા વોલીબોલ ટીમની કેપ્ટન કોણ છે ?
– ચેતના વાળા
૨ ચેતના વાળા ક્યાં રાજ્યની ખેલાડી છે ?
– ગુજરાત
૩ રાજધાની અને શતાબ્દી ટ્રેનોની સુવિધા સુધારવા રેલ્વે મંત્રાલયે કયું અભિયાન શરૂ કર્યુ ?
– ઓપરેશન સ્વર્ણ
૪ સાઉદીની સત્તા કોણ સંભાળશે ?
– મોહમ્મદ બીન સલમાન

## 23.June. 2017

**(૧) રાષ્ટ્રપતિ ચૂંટણી માટે ઉમેદવાર :**

– આગામી સમયમાં યોજાનાર રાષ્ટ્રપતિ ચૂંટણી માટે એનડીએના ઉમેદવાર બિહારના દલિત રાજ્યપાલ રામનાથ કોવિંદ નક્કી થયા
– જ્યારે યુપીએના ઉમેદવાર લોકસભાના પૂર્વ સ્પીકર મીરા કુમાર રહેશે.

**રામનાથ કોવિંદ :**

– ઉત્તરપ્રદેશના કાનપૂરમાં ૧ ઓક્ટોબર, ૧૯૪૫માં જન્મ
– કાનપુર યુનિ.માં બિકોમ અને એલએલબી કર્યા બાદ ૧૯૭૭ થી ૧૯૭૯ સુધી દિલ્હી હાઇકોર્ટમાં વકીલાત કરી
– સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટ મળી કુલ ૧૬ વર્ષ વકીલાતનો અનુભવ.
– ઉત્તરપ્રદેશમાંથી બેવાર રાજ્યસભાના સાંસદ બન્યા.
– ૨૦૦૨માં તેમણે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભારતનું નેતૃત્વ કર્યું હતું.
– ૧૯૭૭મા પૂર્વ પ્રધાનમંત્રી મોરારજી દેસાઇના વિશેષ કાર્યકારી અધિકારી રહ્યા હતા.
– એનડીએ સરકારે બિહારના રાજ્યપાલ બનાવ્યા અને હવે રાષ્ટ્રપતિ પદ માટેના ઉમેદવાર જાહેર કર્યા.

**મીરાકુમાર :**

– જન્મ બિહારના ભોજપુર જિલ્લામાં ૩૧ માર્ચ, ૧૯૪૫
– ૧૯૭૦માં ભારતીય વિદેશ સેવામાં પસંદ થયા.
– યુપીના બિજનૌરમા ૧૯૮૫માં યોજાયેલી પેટાચૂંટણીમાં માયાવતી અને રામવિલાસ પાસવાનને હરાવીને પહેલીવાર સાંસદ બન્યા.
– તેઓ પાંચવાર સાંસદ રહી ચૂક્યા છે.
– બાદમાં યુપીએ સરકાર વખતે તેઓ લોકસભા સ્પીકર પણ રહી ચૂક્યા છે.
– દેશના પૂર્વ નાયબ વડાપ્રધાન જગજીવનરામના પુત્રી છે.

**(૨) લ્યુક રોંચી : ન્યૂઝીલેન્ડ ક્રિકેટર :**

– ન્યુઝીલેન્ડના વિકેટકિપર અને બેટ્સમેન લ્યૂક રોંચીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તી લીધી.
– રોંચીએ પોતાની કારકીર્દિમાં ન્યુઝીલેન્ડ માટે ચાર ટેસ્ટ, ૮૫ વન ડે અને ૫૨ ટી–૨૦ મેચ રમી છે.
– રોંચી ૨૦૧૫ના ક્રિકેટ વર્લ્ડકપમાં ન્યુઝીલેન્ડને ફાઇનલ સુધી પહોંચાડવામાં મહત્વનો ભાગ હતો.
– રોંચીએ વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯માં ઓસ્ટ્રેલિયા માટે ચાર વનડે અને ત્રણ ટી–૨૦ મેચ રમી હતી.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રપતિ ચૂંટણી માટે એનડીએ ઉમેદવાર કોણ છે ?
– રામનાથ કોવિંદ
૨ રામનાથ કોવિંદ કયા રાજ્યના રાજ્યપાલ હતા ?
– બિહાર
૩ યુપીએ તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ?
– મીરાકુમાર
૪ મીરાકુમાર કોના પુત્રી છે ?
– પૂર્વ નાયબ વડાપ્રધાન જગજીવન રામ
૫ રામનાથ કોવિંદે કયા વર્ષમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભારતનું નેતૃત્વ કર્યું હતું ?
– ૨૦૦૨
૬ કયા ન્યુઝીલેન્ડ ક્રિકેટરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતી લીધી ?

– લ્યૂક રોંચી
૭ રોંચી ન્યુઝીલેન્ડ સિવાય કયાં દેશ માટે રમી ચૂક્યો છે ?
– ઓસ્ટ્રેલિયા

## 24.June. 2017

**(૧) ઇસરોએ એક સાથે ૩૧ ઉપગ્રહો અંતરિક્ષમાં તરતા મૂક્યા :**

- ઇસરોએ ૨૨ જૂનના રોજ એક સાથે ૧૪ દેશોના ૩૧ સેટેલાઇટ લોંચ કર્યા.
- આ ૩૧ સેટેલાઇટમાં ૨૯ વિદેશી નેનો સેટેલાઇટ સામેલ છે.
- આ સેટેલાઇટને PSLV C 38 રોકેટ લોંચર દ્વારા લોંચ કરવામાં આવ્યા હતા.
- ઉપગ્રહોનું કુલ વજન : ૯૫૫ કિ.ગ્રા.
- આ લોંચીગ આંધ્રપ્રદેશના હરિકોટા સતિષ ધવન સ્પેસ સેંન્ટર ખાતેથી કરવામાં આવ્યું હતુ.
- આ રિમોટ સેન્સિંગ સેટેલાઇટથી સંરક્ષણ ક્ષેત્રે ભારત અને અન્ય દેશોને ઘણો જ ફાયદો થશે.
- અત્યાર સુધીમાં સૌથી વધુ સેટેલાઇટ મોકલવાનો આ ઇસરોનો બીજો રેકોર્ડ છે.
- આ પહેલા ૧૫ મી ફેબ્રુઆરીએ ઇસરોએ એક સાથે ૧૦૧ સેટેલાઇટ અંતરિક્ષમાં છોડી ઇતિહાસ રચ્યો હતો.

**(૨) હેનરી બ્લોફેલ્ડ – ક્રિકેટ કોમેન્ટેટર :**

- ક્રિકેટ ઇતિહાસના ટોંચના કોમેન્ટેટર ઇંગ્લેન્ડના હેનરી બ્લોફેલ્ડે નિવૃતી જાહેર કરી.
- તેઓ ૪૯ વર્ષની કારકીર્દિ બાદ બીબીસીમાંથી નિવૃત્તી લેશે.
- આગામી સપ્ટેમ્બરમાં યોજાનાર વેસ્ટઇન્ડિઝ અને ઇંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ મેચ તેમની કોમેન્ટેટર તરીકે આખરી મેચ હશે.
- તેઓ સ્ટેડિયમ પરની સૌંદર્યવાન મહિલાઓ કલરફુલ પ્રેક્ષકો, પક્ષીઓ વગેરેને કાવ્યાત્મક વિશેષણોથી નવાજતા.

**(૩) રાજકોટ સ્માર્ટ સિટી તરીકે પસંદ :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સ્માર્ટ સીટી મિશન હેઠળ દેશના ૧૦૦ શહેરને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવામાં આવશે.
- આ પ્રોજેક્ટ હેઠળ ગુજરાતનું રાજકોટ શહેર ત્રીજા અને અંતિમ તબક્કે પસંદ થયું છે.
- ત્રીજા તબક્કામાં પસંદ થયેલ ૩૦ શહેરોમાં રાજકોટ ત્રીજા સ્થાને છે.
- હવે વર્ષે કેન્દ્ર સરકાર તરફથી સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ વધારાની રૂા. ૧૦૦ કરોડની ગ્રાન્ટ આપવામાં આવશે.

**(૪) પાસપોર્ટ એક્ટને ૫૦ વર્ષ પૂર્ણ થયા :**

- પાસપોર્ટ એક્ટ ૧૯૬૭ને ૫૦ વર્ષ પૂર્ણ થયા.
- આ ૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે વિદેશપ્રધાન સુષમાં સ્વરાજે વિવિધ જાહેરાત કરી જે નીચે મુજબ છે.
- હવેથી પાસપોર્ટ અંગ્રેજી અને હિન્દી એમ બે ભાષામાં મળશે.
- ૮ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ વયના લોકો માટે પાસપોર્ટ ફી માં ૧૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો.
- સાધુ સંતો ફોર્મમાં પિતાની જગ્યાએ ગુરૂનું નામ લખી શકશે.
- છૂટાછેડાવાળા લોકો માટે પોતાના પતિ –પત્નિનું નામ લખવું જરૂરી નથી.
- તત્કાલ પાસપોર્ટ અરજી વખતે પાન કાર્ડ ધરાવતા ન હોય તેઓ રેશનકાર્ડ પણ સબમીટ કરી શકશે.

પ્રશ્નો :

૧ ૨૨ જૂનના રોજ ઇસરોએ એક સાથે ૧૪ દેશના કેટલા ઉપગ્રહ લોન્ચ કર્યા ?
– ૩૧
૨ કયા રોકેટ દ્વારા ૩૧ ઉપગ્રહ લોન્ચ કર્યા ?
– PSLV C38
૩ ૩૧ ઉપગ્રહનું વજન ?
– ૯૫૫ કિ.ગ્રા
૪ ૧૪ દેશના ૪૧ ઉપગ્રહને ક્યાંથી લોન્ચ કરાયા હતા ?
– શ્રી હરીકોટા સ્થિત સતિષ ધવન સ્પેસ સેન્ટર
૫ જૂન–૨૦૧૭માં કયા ક્રિકેટ કોમેન્ટેટરે નિવૃતી લીધી ?
– હેનરી બ્લોફેલ્ડ
૬ સ્માર્ટ સીટી મિશન અંતર્ગત ત્રીજા તબક્કામાં ગુજરાતના કયા શહેરનતે સ્થાન મળ્યું ?
– રાજકોટ
૭ સ્માર્ટ સીટી મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર પસંદ થયેલ સિટીને વર્ષ કેટલી સહાય કરશે ?
– રૂા. ૧૦૦ કરોડ
૮ પાસપોર્ટ એક્ટને કેટલા વર્ષ પૂરા થયા ?
– ૫૦ વર્ષ
૯ હવેથી પાસપોર્ટ કઈ ભાષામાં મળશે ?
– અંગ્રેજી અને હિન્દી
૧૦ કઈ ઉંમરના બાળકોને પાસપોર્ટમાં ૧૦ ટકાની રાહત આપવામાં આવશે ?
– ૮ વર્ષથી ઓછા અને ૬૦ વર્ષથી વધુ

## 25.June. 2017

**(૧) મહારાષ્ટ્ર સરકારે ખેડૂતોનું ૩૪ હજાર કરોડનું દેવુ માફ કર્યું :**

- મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે દરેક ખેડુતનું દોઢ લાખ રૂપિયા સુધીનું દેવુ માફ કરવાની જાહેરાત કરી.
- હવે મહારાષ્ટ્રના ખેડૂતોનું ૩૪૦૦૦ કરોડ રૂપિયાનું દેવું માફ થઇ જશે.
- રાજ્યના ૮૯ લાખ ખેડૂતોને લાભ મળશે.
- નિયમિત કરજ ભરનારાને ૨૫ હજાર રૂપિયા સુધીનું અનુદાન તથા ૩૦ જૂન ૨૦૧૭ સુધી કરજ ભરનારને તાત્કાલીક અનુદાન મળશે.
- ૩૦ જૂન ૨૦૧૬ પહેલા લોન લેનારા ખેડૂતોને કરજમાફીનો લાભ
- કરજમાફી આપનારી આ યોજનાનું નામ છત્રપતિ શિવાજી મહારાજ કૃષિ સન્માન યોજના રાખવામાં આવ્યું છે.
- ૪૦ લાખ ખેડૂતોના ૭/૧૨ કોરા થશે.
- રાજ્ય અને કેન્દ્ર સરકારા કર્મીઓને કરજમાફી નહીં
- ખેડૂતો ફરી કરજના બોજા હેઠળ ન દબાય એ માટે કૃષિ ક્ષેત્રે રોકાણ વધારવામાં આવશે.
- ખેતમાલને ટેકાના ભાવ મળે એ માટે કેન્દ્ર સરકાર સાથે ચર્ચા કરી એક વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.
- ઉત્તરપ્રદેશ બાદ દેવું માફ કરનાર મહારાષ્ટ્ર દેશનું બીજું રાજ્ય બન્યું.

**(૨) પલબિંદર કૌર શેરગીલ :**

- ભારતીય મૂળના પલબિંદર કૌર શેરગીલ કેનેડા સુપ્રિમ કોર્ટના જજ બન્યા.
- તેઓ સુપ્રીમ કોર્ટના જજ બનનારા પ્રથમ મહિલા પાઘડીધારી શીખ છે.
- તેઓ ૪ વર્ષના હતા ત્યારે તેમનો પરિવાર પંજાબથી કેનેડા આવી ગયો હતો.

**(૩) દેશની પ્રથમ અંડર વોટર મેટ્રો ટનલ :**

- પશ્ચિમ બંગાળમાં હુગલી નદી પર દેશની પ્રથમ અંડરવોટર મેટ્રો ટનલ બનીને તૈયાર થઇ ગઈ છે.
- આ ટ્રેન હાવડાને કોલકતા સાથે જોડશે.
- ટનલ નદીની ૩૦ મીટર નીચે બનાવવામાં આવી છે અને તેની લંબાઇ ૫૨૦ મીટર છે.
- ટનલની અંદરથી મેટ્રો ટ્રેન ૮૦ કિમી પ્રતિ કલાકની સ્પીડથી પસાર થશે.
- ટનલ બનાવવા ખર્ચ : ૬૦ કરોડ રૂા.
- ૧૬.૬ કિલોમીટર લાંબી ઇસ્ટ– વેસ્ટ મેટ્રો પ્રોજેક્ટ માટે આ ટનલને ઘણી ઉપયોગી માનવામાં આવે છે.
- સમગ્ર ઇસ્ટવેસ્ટ પ્રોજેક્ટનો ખર્ચ ૯૦૦૦ કરોડ રૂપિયા છે.
- આ પ્રોજેક્ટ માટે જાપાન બેંક ઓફ ઇન્ટરનેશનલ કોર્પોરેશનને પશ્ચિમ બંગાળ સરકારને ૫૦૦૦ કરોડની લોન આપી છે.
- ૨૦૨૦ સુધીમાં આ કોરીડોર શરૂ થશે.

**(૫) સંસદનું મોન્સુન સત્ર :**

- સંસદનું મોન્સુન સત્ર ૧૭ જુલાઇથી શરૂ થશે.
- ૧૧ ઓગસ્ટ સુધી સત્ર ચાલશે.
- ઘણા મહત્વના ખરડા પસાર થવાની સાથે ખેડૂતો આંદોલન જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે.

## 26.June. 2017

**(૧) રથયાત્રા :**

- અષાઢી બીજનો તહેવાર ભગવાન જગન્નાથની રથયાત્રા માટે પણ પ્રસિદ્ધ છે.
- પુરીમાં આવેલા જગન્નાથજી મંદિરમાંથી ભગવાન જગન્નાથ, ભાઇ બલરામ અને બહેન સુભદ્રા સાને નગરચર્યાએ નિકળે છે.
- આ પવિત્ર યાત્રા રથયાત્રા તરીકે ઓળખાય છે.
- પુરીમાં જગન્નાથજી મંદિર ઉપરાંત દેશભરમાં અનેક કૃષ્ણમંદિરોમાંથી રથયાત્રા નિકળે છે.
- રથયાત્રાનો આ વખતનો ક્રમ –૧૪૦
- અમદાવાદમાં સવારથી સાંજ સુધી ૧૮ કિ.મી.નું અંતર કાપી આ રથયાત્રા યોજાઈ હતી.
- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી, ના. મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ સાથે મળીને સોનાની સાવરણી દ્વારા સફાઇ કરીને પારંપારીક પહિંદ વિધિ કરી હતી.
- ઓડીશાના સમુદ્ર કિનારે આવેલા યાત્રાધામ જગન્નાથપુરીમાં આ રથયાત્રા નવ દિવસ ચાલે છે.
- રથયાત્રા નીજ મંદિરથી ગુંડીચા મંદિર જઇને નીજ મંદિર પરત આવે છે. જેમાં નવ દિવસ લાગે છે.

**(૨) મન કી બાત :**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દર મહિનાના છેલ્લા રવિવારે રેડીયો પર દેશવાસીઓને 'મન કી બાત' દ્વારા સંબોધે છે.
- જૂનમાં 'મન કી બાત' ની ૩૩ મી આવૃતી સંબોધી હતી.
- તેમણે બુકે નહી પરંતુ બુક ભેટમાં આપવાનો વિચાર આપ્યો હતો.
- તથા ૨૧ જૂન વિશ્વ યોગ દિવસે સંયુક્ત રાષ્ટ્રે ૧૦ ટપાલ ટિકિટ લોન્ચ કરી તેની જાણ પણ કરી હતી.
- તેમણે પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપાયીની એક કવિતાનું પઠન પણ કર્યુ હતું.
  'ઝુલસા જેઠ માસ... એક બરસ બિત ગયા'

**(૩) કિદામ્બી શ્રીકાંત : બેડમિન્ટન :**

- ભારતનો ટોંચનો બેડમિન્ટન ખેલાડી કિદામ્બી શ્રીકાંત ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યો.
- ઓસ્ટ્રેલિયન ઓપન જીતનાર તે પ્રથમ ભારતીય છે.
- ફાઇનલમાં તેણે ઓલિમ્પિક ચેમ્પિયન ચીનના ચેન લોંગને પરાજય આપ્યો હતો.
- શ્રીકાંતે ૧૮ જૂને ઇન્ડોનેશીયા ઓપનનું ટાઇટલ જીત્યું હતું.
- આમ સતત બે સુપર સીરીઝ ટાઇટલ જીતનાર તે પ્રથમ ભારતીય બન્યો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પણ મન કી બાતમાં શ્રીકાંતને અભિનંદન આપ્યા હતા.
- બેડમિન્ટન અસોસીએશન ઓફ ઇન્ડિયાએ (બીએઆઇ) શ્રીકાંતને ૫ લાખ રૂપિયા રોકડ ઇનામ આપવાની જાહેરાત કરી.
- બીએઆઇના અધ્યક્ષ : હિમાંત વિશ્વશર્મા

**(૪) અંકુશ દાહિયા : બોક્સર :**

- મોંગોલિયામાં યોજાયેલ ઉલાન બટોર કપમાં ભારતીય ૧૯ વર્ષિય યુવા બોક્સર અંકુશ દાહિયાએ ગોલ્ડ મેડલ જીત્યો.
- ફાઇનલમાં તેણે કોરિયાના ચાઓ ચોલને પરાજય આપ્યો હતો.

**(૫) હાલે ઓપન : ટેનિસ :**

- વિજેતા : રોજર ફેડરર (સ્વિત્ઝર્લેન્ડ)
- રનર્સ અપ : એલેક્ઝાન્ડર ઝવેરેવ, જર્મની
- ફેડરરનું આ નવમું હાલે ઓપન ટાઇટલ હતું તથા આ સિઝનનું ચોથું ટાઇટલ હતું.

પ્રશ્નો :

૧ ભગવાન જગન્નાથજીની રથયાત્રા ક્યારે નિકળે છે ?
- અષાઢી બીજ

૨ આ વખતનો રથયાત્રાનો ક્રમ જણાવો
- ૧૪૦

૩ કયાં સ્થળે ભગવાન જગન્નાથજીનું મંદિર છે જયાં આ રથયાત્રા નવ દિવસ ચાલે છે ?
- પુરી, ઓડીશા

૪ મન કી બાતની કેટલામી આવૃતી પ્રધાનમંત્રી એ સંબોધી ?
- ૩૩ મી

૫ 'ઝુલસા જેઠ માસ...' એક બરસ બિત ગયા કાવ્યપંક્તિ કોની છે ?
- અટલબિહારી વાજપાયી

૬ ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટર ટૂર્નામેન્ટ ચેમ્પિયન ?
- કિદામ્બી શ્રીકાંત

૭ શ્રીકાંતે કોને પરાજય આપી ઓસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ જીત્યું ?
- ચેન લોંગ

૮ બેડમિન્ટન અસોસિએશન ઓફ ઇન્ડિયાના અધ્યક્ષ ?
- હિમાંત વિશ્વકર્મા

૯ મોંગોલિયામાં યોજાયેલ ઉલાન બટોર કપમાં કયા ભારતીય યુવા બોક્સરે ગોલ્ડમેડલ જીત્યા ?
- અંકુશ દાહિયા

૧૦ હાલ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ વિજેતા ?
- રોજર ફેડરર

## 27.June. 2017

**(૧) રાષ્ટ્રીય શિક્ષણનીતિ સમિતિ :**

Vivekanand Academy Gandhinagar

- કેન્દ્રીય માનવ શંસાધન મંત્રાલયે રાષ્ટ્રીય શિક્ષણનીતિ માટે નવ સભ્યોની પેનલ બનાવી.
- આ સમિતિના અધ્યક્ષ અગ્રણી અવકાશ વિજ્ઞાની અને ઇસરોના ભૂતપૂર્વ વડા કે. કસ્તુરીરંગનને બનાવવામાં આવ્યા છે.
- આ સમિતિમાં ડૉ. વસુધા કામત, કે.જે. અલ્ફાંસે, ડૉ. મંજૂ. ભાર્ગવ કૃષ્ણામોહન ત્રિપાઠી ડૉ. મઝહર આસિફ, ડૉ.એમ. કે. શ્રીધર, ડૉ. રામકૃષ્ણ ફરીલ અને ટી.વી. કટ્ટીમણી સમાવેશ થાય છે.
- માનવ સંશાધન મંત્રી – પ્રકાશ જાવડેકર

**(૨) સ્કિલ ઇન્ડિયા માટે વર્લ્ડબેંકની લોન :**

- વર્લ્ડ બેંકે બહેતર નોકરીની ટ્રેનિંગ માટે સ્કિલ ઇન્ડિયા પ્રોજેક્ટ માટે રૂા. ૧૬૧૫ કરોડની લોન મંજુર કરી છે.
- તેનાથી સ્કિલ ઇન્ડિયા મિશન હેઠળ ૧૫ થી ૫૯ વર્ષની ઉંમરના બેરોજગારોને ૩ થી ૧૨ મહિનાની શોર્ટ ટર્મ ટ્રેનિંગ આપી શકાશે.

**(૩) એગોન ક્લાસિક ડબ્લ્યૂટીએ ટેનિસ ટૂર્નામેન્ટ :**

- વિજેતા : પેટ્રા ક્વિટોવા, ચેક રિપબ્લીકન
- રનર્સ અપ : એશ્લે બાર્ટી, ઓસ્ટ્રેલિયા
- પેટા ક્વિટોવા ભૂતપૂર્વ વિમ્બલ્ડન ચેમ્પિયન છે.
- મેન્સ ડબલ્સ : ભારતના લિએન્ડર પેસ તથા કેનેડાના આદિલ શમ્સદીને મેન્સ ડબલ્સનું ટાઇટલ જીત્યું.

**(૪) દેશબંધુ ગુપ્તા :**

- ભારતની બીજી અને વિશ્વની સૌથી મોટી જેનેરિક ફાર્માસ્યુટીકલ કંપની લ્યુપિનના સંસ્થાપક અને ચેરમેન દેશબંધુ ગુપ્તાનું અવસાન.
- રાજસ્થાનના રાજગઢમાં તેમનો જન્મ થયો હતો.
- એવું કહેવાય છે કે તેઓ ભારતમાં સૌથી પહેલા જેનેરિક અને ગરીબો માટે સસ્તી દવાઓ લાવ્યા હતા.
- હાલમાં લ્યુપીનનો બિઝનેશ ૧૦૦ થી વધુ દેશોમાં છે.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય શિક્ષણનીતિના અધ્યક્ષ ?
- કે. કસ્તુરીરંગન

૨ ભારતના કયા પ્રોજેક્ટમાં વર્લ્ડ બેંક રૂા. ૧૬૧૫ કરોડ લોન આપશે ?
- સ્કિલ ઇન્ડિયા

૩ સ્કિલ ઇન્ડિયા પ્રોજેક્ટમાં કેટલા વર્ષની ઉમંરના બેરોજગારોને શોર્ટ ટ્રેનિંગ અપાશે ?
- ૧૫ થી ૫૯ વર્ષ

૪ એગોન ક્લાસિક ટેનિસ ટૂર્નામેન્ટની મેન્સ ડબલ્સ ઇવેન્ટની ફાઇનલમાં કોણ ચેમ્પિયન રહ્યું ?
- લિએન્ડર પેસ, ભારત અને આદિલ સમ્શદિન, કેનેડા

૫ લ્યૂપીન કંપનીના સ્થાપક ?
- દેશબંધુ ગુપ્તા

## 28.June. 2017

**(૧) Vivo મોબાઇલ કંપની આઇપીએલની સ્પોન્સર :**

- મોબાઇલ બનાવતી કંપની વીવોને ૫ વર્ષ માટે આઇપીએલ ટાઇટલની સ્પોન્સરશીપ મળી.
- આઇપીએલ ૨૦૧૮ થી ૨૦૨૨ સુધી વીવો જ ટાઇટલ સ્પોન્સર રહેશે.
- વીવો આ માટે લગભગ ૨૧૯૯ કરોડ રૂપિયા ચૂકવશે.

**(૨) આઇસીસી વર્લ્ડ ટી–૨૦ રેન્કિંગ :**

- આઇસીસી દ્વારા વર્લ્ડ ટી–૨૦ના નવા રેન્કિંગ જાહેર કરવામાં આવ્યા.
- ટીમ રેન્કિંગમાં ન્યુઝીલેન્ડ પ્રથમ સ્થાને છે. જ્યારે ભારત ચોથા ક્રમે છે.
- બેટીંગમાં પ્રથમ ક્રમે વિરાટ કોહલી જ્યારે બોલીંગમાં પાકિસ્તાની બોલર ઇમાદ વસીમ પ્રથમ અને ભારતીય જસપ્રીત બુમરાહ બીજા ક્રમે છે.
- ઓલરાઉન્ડર્સ રેન્કિંગમાં બાંગ્લાદેશી ખેલાડી શાકિબ–અલ–હસન પ્રથમ સ્થાને છે જ્યારે ભારતનો યુવરાજસિંહ પાંચમા સ્થાને છે.

**(૩) ATM ને ૫૦ વર્ષ થયા :**

- વિશ્વનું પ્રથમ ATM ૨૭ જૂન ૧૯૬૭ ના રોજ લંડનમાં લગાડાયું હતું.
- લંડનની બાર્કલેઝ બેંકે એનફિલ્ડમાં આ ATM લગાવ્યું હતું.
- બેંક દ્વારા આ ATM ૫૦ વર્ષ પૂરા થતાં સોનાનો ઢાળ ચઢવાયો છે.
- ATM શરૂ થયું ત્યારે લોકો 'હોલ ઇન ધ વોલ' એવું કહેતા.

**(૪) રેસ એક્રોસ અમેરિકા : સાયકલ રેસ :**

- અમેરિકામાં યોજાતી દુનિયાની સૌથી અઘરી રેસ
- આ રેસમાં ૧૨ દિવસમાં ૩૦૮૯ માઇલ (4971 KM) અંતર કાપવાનું હોય છે.
- અમેરિકાના ૧૨ રાજ્યો તેમજ ૪ મોટી નદીઓ પાર કરવાની હોય છે.
- તાજેતરમાં આ રેસ યોજાઇ હતી જેમાં ૧૬ સાઇક્લિસ્ટોએ ભાગ લીધો હતો જેમાંથી માત્ર ૯ રેસર્સ જ પૂર્ણ કરી શક્યા.
- રેસ પૂર્ણ કરનાર ૯ સાઇક્લિસ્ટમાં ભારતના બે સાઇક્લિસ્ટનો સમાવેશ થાય છે.
  (૧) શ્રીનિવાસ ગોકુલનાથ
  (૨) અમિત સમર્થ
- શ્રીનિવાસ ગોકુલનાથ આ રેસ પુરી કરનાર ભારતનો પ્રથમ સાઇક્લિસ્ટ બન્યો હતો. તેને આ રેસ ૧૧ દિવસ, ૧૮ કલાક અને ૪૫ મિનિટમાં પુરી કરી હતી.

પ્રશ્ન :

૧ આગામી ૫ વર્ષ માટે આઇપીએલ ના સ્પોન્સર કોણ રહેશે ?
- વિવો

૨ ૫ વર્ષ માટે વીવો દ્વારા સ્પોન્સરશીપ માટે આઇપીએલને કેટલા રૂપિયા અપાશે ?
- ૨૧૯૯ કરોડ રૂા.

૩ જૂન, ૨૦૧૭ મુજબ આઇસીસી ટી–૨૦ રેન્કિંગમાં બેટીંગમાં પ્રથમ ક્રમે કયો ખેલાડી છે ?
- વિરાટ કોહલી

૪ આઇસીસી ટી–૨૦ રેન્કિંગમાં કયા ભારતીય બોલરને બીજું સ્થાન મળ્યું ?
- જસપ્રીત બુમારાહ

૫ વિશ્વું પ્રથમ એટીએમ કયાં લાગ્યું હતું ?
- લંડનના અનફીલ્ડમાં

૬ પ્રથમ એટીએમને કેટલા વર્ષ પૂર્ણ થયા ?
- ૫૦ વર્ષ

૭ રેસ એક્રોસ અમેરિકા સાયકલ રેસ પુરી કરનાર ભારતીયના નામ જણાવો.
- શ્રીનિવાસ ગાફેલનાથ અમિત સમર્થ

૮ આ સાયકલ રેસ કેટલા કિ.મી.ની હોય છે ?

– ૪૯૭૧ કિ.મી. (૧૨ દિવસ)

## 29.June. 2017

**(૧) ચણા અને ચણાદળને ઓક્સફર્ડમાં સ્થાન :**

– વિશ્વભરમાં વાંચવામાં આવતી ઓક્સફર્ડ ડિક્શનરીમાં ૬૦૦ થી વધુ નવા શબ્દો ઉમેરવામાં આવ્યા.

– આ નવા શબ્દોમાં આપણા ભારતીય જીવનમાં રોજેરોજ ઉપયોગમાં આવતા 'ચણા' અને 'ચણાદાળ' નો સમાવેશ કરાયો છે.

– દર ત્રણ મહિનાના અંતરે આ ડિક્શનરીમાં જીવનશૈલી રોજબરોજની ઘટનાઓ વગેરેને ધ્યાનમાં લઇને નવા શબ્દો ઉમેરવામાં આવે છે.

– આ અગાઉ 'અરે યાર' 'ભેળપુરી', 'ચુડીદાર' અને 'ઢાબા' શબ્દને પણ સમાવેશ કરાયા હતા.

**(૨) પ્રિયંકા ચોપરા : સ્કિલ ઇન્ડિયા બ્રાન્ડ એમ્બેસેડર :**

– કેન્દ્ર સરકાર દ્વારા અભિનેત્રી પ્રિયંકા ચોપરાની સ્કિલ ઇન્ડિયા અભિયાનની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પસંદ કરવામાં આવી છે.

– અભિનેત્રી પ્રચાર કરવાની સાથે યુવા પેઢીને અભ્યાસ માટે પણ પ્રોત્સાહિત કરશે.

**(૩) સાતમા પગારપંચની ભલામણો મંજુર : કેન્દ્ર**

– કેન્દ્ર સરકાર દ્વારા સાતમા પગારપંચ અંગેની વેતન આયોગની ભલામણોને મંજુરી આપી છે.

– તમામ કેન્દ્રીય કર્મચારીઓને ૧ જુલાઇથી નવા ભથ્થા પેન્શન મળશે.

– સરકાર દ્વારા નવા બેઝીક પેના ૨૪ ટકા, ૧૬ ટકા અને ૮ ટકા એચઆરએ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

પ્રશ્નો :

૧ ઓક્સફર્ડ ડિક્શનરીમાં હાલમાં કયાં બે ભારતીય શબ્દને ઉમેરવામાં આવ્યા ?

– 'ચણા' અને 'ચણાદાળ'

૨ સ્કિલ ઇન્ડિયા બ્રાન્ડ એમ્બેસેડર ?

– પ્રિયંકા ચોપરા

૩ સાતમાં પગારપંચની ભલામણો કેન્દ્રમાં ક્યારથી લાગુ પડશે ?

– ૧ જૂલાઇ ૨૦૧૭

૪ મેઘાણી એવોર્ડ તથા હેમુગઢવી એવોર્ડ કોના દ્વારા અપાય છે ?

– સૌરાષ્ટ્ર યુનિના લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા

૫ મેઘાણી એવોર્ડ તથા હેમુગઢવી એવોર્ડમાં કેટલું ઇનામ મળે છે ?

– રૂા. ૧ લાખ

## 30.June. 2017

**(૧) ભારતનો સંચાર ઉપગ્રહ GSAT-17 લોન્ચ થયો**

– ઇસરોનો સંચાર ઉપગ્રહ GSAT-17 લોંચ થયો.

– ૩૪૭૭ કિલોગ્રામ વજનનો આ ઉપગ્રહ એરિયન–૫ રોકેટ દ્વારા ફ્રેંચ ગુયાના ખાતે આવેલા લોન્ચ પેડ પરથી લોન્ચ થયો હતો.

– GSAT-17 કમ્યુનિકેશન ઉપરાંત હવામાનની માહિતી પણ પુરી પાડશે.

– ઇસરો દ્વારા તૈયાર કરવામાં આવેલો આ ઉપગ્રહ ૧૫ વર્ષ સુધી કામ આપતો રહેશે.

– ભારતના ૧૭ કમ્યુનિકેશન ઉપગ્રહો હલા કક્ષમાં કામ કરી રહ્યાં છે. એ સાથે આ ૧૮ મો ઉપગ્રહ પણ જોડાયો હતો.

**–અરિયન – ૫ અને ફ્રેંચ ગુયાના લોન્ચ પેડ :**

– ઇસરો વધારે વજનવાળા સેટેલાઇટની લોન્ચિંગ એરિયન ૫ રોકેટ દ્વારા કરાવે છે.

– પરંતુ હવે વધારે વજન વહન કરી શક્તુ સ્વદેશી રોકેટ GSLV MK-3 નું સફળ પરિક્ષણ થતાં ભવિષ્યમાં તેનો જ ઉપયોગ કરાશે.

– ભારત વર્ષ ૧૯૮૧ થી દક્ષિણ અમેરિકા ખંડના ફ્રેંચ ગુયાના દેશના કાઉરૂ મથક ખાતેથી ઉપગ્રહો લોન્ચ કરાવતું આવે છે.

– આ અવકાશ મથક યુરોપિયન સ્પેસ એજન્સી અને ફ્રાન્સની સંયુક્ત માલીકીનું છે.

– GSAT-17 એ કોઉરુ ખાતેથી લોન્ચ થયેલો ભારતનો ૨૧મો ઉપગ્રહ હતો.

**(૨) વડાપ્રધાન નરેન્દ્ર મોદ : ગુજરાત પ્રવાસે :**

– તા.૨૯ અને ૩૦ જૂન દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવ્યા.

– ગુજરાતના સ્થળોની મુલાકાત અને રેકોડ્સ :

રાજકોટ :

– રાજકોટમાં આજી ડેમ ખાતે વડાપ્રધાને નર્મદાના નીરના વધામણાં કર્યા.

– ૯ કિ.મી.નો રોડ શો તથા ૨૦ હજાર બાઇકર્સ જોડાયા

– ૧૭૫૮૯ દિવ્યાંગોને સાધન સહાયનો વિક્રમ

– ૧૪૪૨ મુબ–બધિરો દ્વારા સાઇલ લેંગ્વેશથી રાષ્ટ્રગીત ગાવાનો તથા ૭૮૧ દિવ્યાંગોને કેલિયર્સ આપવાનો વર્લ્ડ રેકોર્ડ ગ્રિનિસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયા હતા.

અમદાવાદ :

– અમદાવાદ ખાતે વડાપ્રધાનશ્રીએ સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી.

– હાલમાં સાબરમતી આશ્રમને ૧૦૦ વર્ષ પૂરા થયા તેની ઉજવણી થઇ રહી છે.

– નરેન્દ્ર મોદીએ ગાંધીજીનું નિવાસસ્થાન હ્રદયકુંજની મુલાકાત લીધી હતી.

– અમદાવાદમાં ટ્રાન્સસોડિયા સ્ટેડિયમના ઉદ્ઘાટન સાથે વડાપ્રધાનશ્રીએ ખેલમહાકુંભ–૨૦૧૭ નો પણ પ્રારંભ કરાવ્યો.

– વર્ષ ૨૦૧૦માં નરેન્દ્ર મોદી ગુજરાતમાં સી.એમ. હતા. ત્યારે ખેલમહાકુંભો પ્રારંભ કરાવ્યો હતો.

– ગાંધી આશ્રમ ખાતે શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦ મી જન્યજયંતિના વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્મૃતિ સિક્કા અને સ્ટેમ્પનું લોકાર્પણ કર્યું.

– કેન્દ્ર સરકાર દ્વારા દોઢસો રૂપિયા અને દસ રૂપિયાના બે સિક્કા બહાર પાડવામાં આવ્યા.

– પોસ્ટ વિભાગે ફર્સ્ટ ડે કવર, ફર્સ્ટ ડે કેન્સલ્ડ કવર અને સ્પેશિયલ પાંચ રૂપિયાની પોસ્ટેજ સ્ટેમ્પનું લોકાર્પણ કર્યું હતું.

– શ્રીમદ્ રાજચંદ્રજી ગાંધીજીના આધ્યાત્મીક ગુરૂ હતા.

ગાંધીનગર :

– ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાનશ્રીના હસ્તે ભારતના પ્રથમ મેગા ટેક્સટાઇલ્સ વ્યાપાર મેળાનું ઉદ્ઘાટન થયું.

– આ મેગા ટેક્સટાઇલ્સ વ્યાપાર મેળો ૩૦ જૂનથી ૨ જુલ્ઇ સુધી ચાલશે.

– આ ઉપરાંત તેમણે વાત્રક – માઝુમ મેશ્વો જળાશય આધારિત પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કર્યું હતું.



Vivekanand Academy Gandhinagar

પ્રશ્નો :

૧ સંચાર ઉપગ્રહ માટે ભારતે કયો ઉપગ્રહ લોન્ચ કર્યો ?
– જીસેટ–૧૭
૨ કયા રોકેટ દ્વારા જીસેટ–૧૭ લોન્ચ થયો ?
– એરિયન –૫
૩ એરિયન–૫ કયાં દેશનું રોકેટ લોન્ચર છે ?
– ફ્રેંચ ગુયાના
૪ વડાપ્રધાન મોદીએ રાજકોટમાં કેટલા દિવ્યાંગોને સાધન સહાયનો વિક્રમ સર્જ્યો ?
– ૧૭૫૮૯
૫ રાજકોટમાં કેટલા મુક–બધિર દ્વારા સાઇન લેંગ્વેજ દ્વારા રાષ્ટ્રગીત ગાવાનો રેકોર્ડ બન્યો ?
– ૧૪૪૨
૬ કેટલા દિવ્યાંગોને કેલિપર્સ આપવાનો રેકોર્ડ નોંધાયો ?
– ૭૮૧
૭ સાબરમતી આશ્રમને કેટલા વર્ષ પૂર્ણ થયા ?
– ૧૦૦
૮ ગાંધીજીના આધ્યાત્મીક ગુરૂ કોણ હતા ?
– શ્રીમદ્ રાજચંદ્ર
૯ શ્રીમદ્ રાજચંદ્રની કેટલામી જન્મજયંતિ વર્ષની ઉજવણી હાલમાં દેશ કરી રહ્યું છે ?
– ૧૫૦ મી
૧૦ વડાપ્રધાને ગાંધી આશ્રમ ખાતે કેટલા રૂપિયાના સિક્કા લોન્ચ કર્યા ?
– રૂા. ૧૫૦ અને રૂા. ૧૦
૧૧ પોસ્ટ વિભાગ દ્વારા શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦ મી જન્મજયંતિ વર્ષની ઉજવણીની ભાગરૂપે કેટલા રૂપિયાની પોસ્ટેજ સ્ટેમ્પનું લોકાર્પણ કર્યું ?
– પાંચ રૂપિયા
૧૨ ખેલમહાકુંભનો પ્રારંભ કયા વર્ષમાં થયો હતો ?
– ૨૦૧૦
૧૩ ભારતનો પ્રથમ મેગા ટેક્સટાઇલ્સ મેળો કયા યોજાયો ?
– મહાત્મા મંદિર, ગાંધીનગર.
૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં કયા સ્ટેડીયમનું ઉદ્ઘાટન કર્યું ?
– ટ્રાન્સસ્ટેડીયા સ્ટેડીયમ

**––– સત્યમેવ જયતે––––**

Vivekanand Academy Gandhinagar